જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૫-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ભાજપાએ મુક્યો આરોપ, 'સીએમ પોતાને અને રાજદારને બચાવી રહ્યાં છે'

મોદી vs મમતા: રાજ્યપાલે કેન્દ્રને મોકલ્યો ગુપ્ત રિપોર્ટ, રાષ્ટ્રપતિ શાસનનાં ભણકારા



ન્યુ દિલ્હી-કોલકાતા

લોકસભાની ચૂંટણી પહેલા જ દેશમાં રાજકીય ઘટનાક્રમ ઝડપથી બદલાઈ રહ્યો છે. હવે ફરી એકવાર આ ઘટનાક્રમમાં સીબીઆઈ વિવાદના કેન્દ્રમાં છે. રવિવારે સાંજે કોલકાતા પોલીસ કમિશ્નર રાજીવ કુમારના ઘરે દરોડા મારવા પહોંચેલી સીબીઆઈની ટીમના અધિકારીઓને જ કોલકાતા પોલીસે ઘેરી લીધા અને ધરપકડ કરી. સીબીઆઈના વિરોધમાં મમતા ધરણા પર બેસી ગયા.

તો બીજી બાજુ પશ્ચિમ બંગાળમાં સીબીઆઈ અને મમતા સરકાર વચ્ચે વકરી રહેલા વિવાદને લઈને રાજ્યના ગવર્નર કેસરીનાથ ત્રિપાઠીએ એક ગુપ્ત રિપોર્ટ ગૃહમંત્રાલયને મોકલી આપ્યો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગૃહમંત્રાલય સીબીઆઈના કામમાં અડચણ ઉભી કરવાના આરોપમાં ઘટનાસ્થળે હાજર આઈપીએસ અધિકારીઓ વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરી શકે છે.

મમતાએ ઘટનાસ્થળેથી જ ફરી એકવાર મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. મમતાએ કહ્યું છે કે, તેમના આ ધરણા ૮ જાન્યુઆરી સુધી યથાવત રહેશે. ત્યાર બાદ પણ ધરણા યથાવત રહેશે, પણ માઈકનો ઉપયોગ નહીં કરવામાં આવે. કારણ કે ૮ ફેબ્રુઆરીથી રાજ્યમાં બોર્ડની પરીક્ષા શરૂ થઈ રહી છે. મમતા બેનરજીએ જણાવ્યું હતું કે, લોકતંત્ર ખતમ થઈ ગયું છે, જો તમે ભાજપનો વિરોધ કરીએ તો તેઓ એજંસીઓનો ઉપયોગ કરે છે. તેમણે કહ્યું હતું કે, અમે ઝુકીશું નહીં, સરકારી વહીવટ અહીંથી જ યથાવત રહેશે.

મમતા બેનરજીએ ધરણાસ્થળે જ કેબિનેટની બેઠક યોજી હતી. તેઓ અહીં બેઠા બેઠા જ તમામ ફાઈલો પર સહી કરી રહ્યાં હતા. મમતા બેનરજી સાથે તેમની આખી કેબિનેટ પણ ધરણાસ્થળે જ હતી.

ભાજપના નેતા પ્રકાશ જાવડેકરે કહ્યું કે, ×અમે પૂછવા માંગીએ છીએ કે મમતા ધરણા પર કેમ બેઠી છે? પોલીસ કમિશનરને બચાવવા માગે છે કે પોતાને બચાવવાના પ્રયાસ કરી રહી છે? તે છુપાવવા શું માગે છે? ચિટફંડ મામલે તૃણમૂલના સાંસદ અને મંત્રીની ધરપકડ થઈ, ત્યારે મમતાએ ધરણા ન કર્યાં. પોલીસ કમિશનરની પાસે એવું શું છે જેને બચાવવા માટે મમત રોડ પર બેસી ગઈ છે. એક લાલ ડાયરી, એક પેન ડ્રાઈવનો ઉલ્લેખ થયો હતો જેમાં અનેક લોકોના નામ છે, પેમેન્ટની જાણકારી છે. શું તેમને બચાવવા માગે છે મમતા? જેને ચિટફંડ કૌભાંડની તમામ ગુપ્ત માહિતીઓ ખબર છે તેને અને પોતાને બચાવવા મમતા ધરણા પર બેઠી છે. મુખ્યમંત્રીના ઘરે બેઠક હોય અને તે ઉઠીને પોલીસ કમિશનરના ઘરે ચાલી જાય તે પણ પહેલી વખત થયું છે. આ બંધારણની હત્યા નથી તો શું છે?×

મમતા બેનરજીએ કહ્યું, દેશ નરેન્દ્ર મોદીથી પરેશાન થઈ ચૂક્યો છે. આડે ઈમરજન્સી કરતાં પણ વધારે ખરાબ હાલત છે. અમારી ધીરજ હવે પૂરી થઈ ગઈ છે. કેન્દ્ર સરકાર સીબીઆઈને કાર્યવાહી કરવા માટે પ્રેશર કરી રહી છે. મોદીએ સીબીઆઈને કહ્યું કે, કંઈક તો કરો. ભાજપ ચોર પાર્ટી છે. કોલકાતામાં અમારી રેલી પછી મોદી અને અમિત શાહ અમારી પાછળ પડી ગયા છે. ભાજપની એક્સપાઈરી ડેટ નજીક છે.

પોલીસ કમિશ્નરના ઘરે અજીત ડોભાલના ઈશારાથી દરોડા પાડવામાં આવી રહ્યા છે. રાજીવ કુમાર દુનિયાના ખૂબ સારા ઓફિસર છે. ચિટફંડ કૌભાંડમાં અમે તપાસ કરી છે, અમુક લોકોની ધરપકડ પણ કરી છે. સીબીઆઈ ટીમ વોરંટ વગર પોલીસ કમિશ્નરના ઘરે પહોંચી છે.

મૌની અમાવસ્યા : શાહી સ્નાનમાં લાખો શ્રદ્ધાળુઓની પવિત્ર ડુબકી

પ્રયાગરાજ

પ્રયાગરાજમાં ચાલી રહેલા કુંભ મેળામાં આજે વહેલી સવારથી જ મોની અમાસ અથવા તો બીજા શાહી સ્નાન વેળા લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. વહેલી પરોઢથી જ શાહી સ્નાનની શરૂઆત થઈ ગઈ હતી. કુંભ મેળાના બીજા શાહી સ્નાનને લઈને જુદા જુદા અખાડાના સંતો પણ પવિત્ર ડુબકી લગાવવા માટે પહોંચ્યા હતા. નાગા સાધુઓ શાહી સ્નાન દરમિયાન ખાસ અંદાજમાં દેખાયા હતા. સંગમ કિનારે બનેલા જુદા જુદા ૪૦ ઘાટ ઉપર શાહી સ્નાનની પ્રક્રિયા ચાલી હતી. હજુ સુધી ત્રણ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ પવિત્ર સ્નાન કરી ચુક્યા છે. શાહી સ્નાન માટે શાહી અંદાજમાં બેન્ડવાજા સાથે અખાડાના સાધુ સંતો પહોંચ્યા હતા. જુદા જુદા અખાડાના મહાત્મા અને શ્રદ્ધાળુઓ પણ મૌની અમાવસ્યાના દિવસે ડુબકી લગાવવા પહોંચ્યા હતા. શ્રદ્ધાળુઓની ભૂતપૂર્વ ભીડ જામી હતી.

મૌની અમાસના પ્રસંગે શાહી સ્નાન વેળા વહીવટીતંત્ર દ્વારા હેલિકોપ્ટરથી પુષ્પ વર્ષા કરવામાં આવી હતી. આ પવિત્ર મૌની અમાસના દિવસે નાયબ મુખ્યપ્રધાન કેશવ પ્રસાદ મૌર્ય અને કેબિનેટ પ્રધાન બૃજેશ પાઠકે પણ પવિત્ર ડુબકી લગાવી હતી. કુંભ મેળા દરમિયાન નાગા સાધા સંતોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કુંભને નિહાળવા અને તેના મહત્વને સમજવા માટે અનેક વખત પહોંચવાથી અને તેને સમજવાથી આધ્યાત્મિક મહત્વ સમજાય છે. કુંભના ઈતિહાસની વાત કરવામાં આવે તો આ વિષયમાં ચોક્કસપણે કોઈ વિશેષ પ્રાચીન શાસ્ત્રીય સંદર્ભનો ઉલ્લેખ મળતો નથી પરંતુ પૌરાણિક માન્યતાઓ તેની સાથે જોડાયેલી છે જેમાં ગ્રહોની વિશેષ સ્થિતિ થવા પર કુંભના સંકેત મળે છે. સ્કંદપુરાનમાં આનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમા ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જ્યારે અમૃતપૂર્ણ કુંભને લઈને દેવતાઓ અને દૈત્યો વચ્ચે સંઘર્ષ થયું હતું ત્યારે ચંદ્રએ આ અમૃત કુંભમાંથી અમૃતને છલકી જવાથી બચાવી લવાના પ્રયાસ કર્યા હતા અને રક્ષણ કર્યું હતું.

જીએસટી રિટર્નની ભૂલ સુધારી શકાશે, પેનલ્ટી નહીં લાગે

અમદાવાદ

જીએસટીઆર -૧અને ૩બી રિટર્નમાં ભૂલ થઈ હશે તો હવે વેપારીઓ સુધારા કરી શકાશે. જીએસટી લાગુ થયા બાદ દર મહિને ભરવાના થતા જીએસટીઆર -૧અને ૩બી રિટર્નમાંઅત્યાર સુધી સુધારો કરી શકાતો ન હતો પરંતુ આજથી આ બંને રિટર્નમાં સુધારો કરવાની જોગવાઈ કરવામાં આવતા વેપારીઓને રાહત મળી છે.

કોઈપણ વેપારી જીએસટીઆર -૧અને ૩બી રિટર્ન ભરવામાં નાની સરખી ભૂલ કરે તો પણ વેપારી માટે તેમાં સુધારો કરવાની કોઈ જોગવાઈ ન હતી, જેના કારણે સાવ સામાન્ય ગણાતી નાની સરખી આંકડાકીય ભૂલપણ જો વેપારી રિટર્ન ભરવામાં કરે તો તેમાં સુધારો નહીં થઈ શકવાના કારણે વેપારીને રિફન્ડ લેતી વખતે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. છેલ્લા કેટલાય સમયથી આ સુધારો કરી આપવા માટે વેપારીઓની માગ હતી. જીએસટી કાઉન્સિલ અને કેન્દ્રીય નાણાં પ્રધાનને આ મુદ્દે ટેક્સ કન્સલ્ટન્ટ એસોસિએશન દ્વારા લેખિત રજૂઆતો પણ કરવામાં આવી હતી જેમાં હવે આજથી અમલી બને તેવી રીતે સુધારો કરવામાં આવ્યો છે, જેને કારણે વર્ષ ૨૦૧૭ -૧૮માં વેપારીઓએ ભરેલા રિટર્નમાં હવે આગામી ૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં કરેલી ભૂલના સુધારા વેપારી જીએસટીઆર -૧અને ૩બી રિટર્ન કરી શકશે. રિટર્ન ભર્યા બાદ તેમાં સુધારા કરવાની જોગવાઈ ન હતી.

આનંદીબહેનનું વિવાદાસ્પદ નિવેદનઃ 'મોદી સાહેબનું ધ્યાન રાખજો'

ભોપાલ

મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે રીવામાં જનતા સમક્ષ કંઈક એવી અપીલ કરી કે જે ચર્ચાનો વિષય બની ગઈ છે. આનંદીબેન પટેલના નિવેદનથી વિવાદ સર્જાયો છે કે તેઓ લોકોને વડાપ્રધાન મોદીનું સમર્થન કરવા માટે કહી રહ્યા છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કહ્યું કે, 'મોદી સાહેબનું ધ્યાન રાખજો'. રાજ્યપાલનો આ વીડિયો હવે સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. બીજી તરફ, કોંગ્રેસ પાર્ટીએ રાજ્યપાલ પાસેથી રાજીનામાની માંગ કરી છે.

કોંગ્રેસની મીડિયા ઈન્ચાર્જ શોભા ઓઝાએ કહ્યું, 'તેઓ એક બંધારણીય હોદ્દા પર બેઠેલા છે અને એવામાં તેઓએ આ પ્રકારના નિવેદનો ન આપવા જોઈએ. જો તેઓ ભાજપના કાર્યકર્તા તરીકે જ કામ કરવા માંગતા હોય તો તેઓએ રાજ્યપાલના પદ પરથી રાજીનામું આપીને લોકસભા ચૂંટણી લડવી જોઈએ.' આનંદીબેન પટેલે શનિવારના રોજ રીવા સોલર પ્લાન્ટનો પ્રવાસ કર્યો હતો. રીવા સોલર પ્લાન્ટ એક સમયમાં દુનિયાનો સૌથી મોટો પ્લાન્ટ હતો. તેઓ વિંધ્ય વિસાતારના બે દિવસીય પ્રવાસ પર છે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847
7575006848
7575006850

Whats-App Time 10 am to 5 pm

MARKET 4U™

ના ઓનલાઇન પ્લેટફોર્મમાં

આપના વ્યવસાયની ફ્રિક્સ જાહેરાત રૂપિયા ૫૧૦૦/- (+ટેક્સ)માં ત્રણ વર્ષ માટે મુકાવો

અને મેળવો

આપના વાહનની સિક્યુરિટી ટ્રેકિંગ સિસ્ટમ (GPS) તદ્દન મફત

આપના બંધ પડેલ જીપીએસ ફક્ત ૫૦૦ રૂપિયામાં ચાલુ કરી આપવામાં આવશે.

દરેક શહેરમાં એજન્ટ નિમવાના છે

સંપર્ક : ૭૫૭૫૦૦૬૮૪૭

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

CONNECTINDIANSમાં જોડાવું સરળ છે.

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

માત્ર ૫૫૦/-માં PLAN - A

LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-

માત્ર ૩૦૦૦/-માં PLAN - B

LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશેષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

હળવદ પંથકમાં પોલીસની મીઠી નજર હેઠળ સફેદ રેતીનો કાળો કારોબાર બેફામ

પંથકમાં ગેરકાયદેસર રેતીનો કારો કારોબાર બેફામ ડમ્પર અને ટ્રેકટર દ્વારા ખુલ્લેઆમ થતો હોવા છતાં તંત્રના આંખે પાટા? ખાળે ડૂચા અને દરવાજા મોકળા જેવો ઘાટ





હળવદ તાલુકાના ગામોમાંથી પસાર થતી નદીઓ માં રેતી માફિયાઓ દ્વારા બેફામ રીતે બે રોક ટોક રેતીની ઉઠાતંરી કરી ખનન અને વહન કરી ડમ્પર અને ટ્રેકટર દ્વારા રેતી ચોરી કરી સરકારી તિજોરી ને લાખોની રૂ પિયા ની ખોટ જવાનો અંદાજ છે સફેદ સોના જેવી કીમતી મનાતી રેતીનો કાળો કારોબાર ગેરકાયદેસર ખનન કરવાનો ધંધો ધમધોકાર ચાલે છે ત્યારે સ્થાનિક પોલીસે ને દેખાતુ નથી પથંકમાં રાત દીવસ બેફામ રેતી ચોરી થાય છે રેતી માફિયાઓ ખુલ્લેઆમ ખનન અને વહનન કરી રહ્યા છે આ બાબતે તંત્ર દ્વારા કોઈ સચોટ પગલા ન લેવાતા ડમ્પર અને ટ્રેકટર દ્વારા બેફામ ખનીજચોરી થઈ રહી છે એટલું જ નહીં સફેદ રેતીના કારા કારોબારમાં બેફામ ખનીજચોરી થઈ રહી છે આ રેતી ની બાંધકામ ઉપરાંત ઈન્ડસ્ટ્રીયલ અને બહાર પણ નિકાસ થાય છે ખાણ ખનીજ ખાતુ સાવ અજાણ હોય તેમ આંખ કરી રહ્યા હોય તેઓ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે અનેકવાર રજૂઆત કરવામાં આવી છે પરંતુ આજદિન સુધી તંત્ર દ્વારા કોઈ નક્કર પગલા ન લેવાતા ખુલ્લેઆમ રેતીચોરી નો કાળો કારોબાર બેફામ ચાલી રહ્યો છે હળવદ પંથકના મીયાણી મયુર નગર રાયસગપર ધનાળા ટીકર અજીત ગઢ વગેરે અનેક ગામોમાંથી લાખો રૂપિયાની રેતી ચોરી થઈ રહી છે છતાં પણ તંત્ર દ્વારા તેરી બી ચૂપ ઓર મેરી બી ચૂપ જેવો ઘાટ ઘડાય છે હળવદ પંથકમાં ચર્ચાઈ રહ્યું છે કે સમગ્ર રેતી ચોરી માં અધિકારીઓ અને રેતી ચોરો દ્વાર મીલીભગતના કારણે પગલા લેવાતા નથી ત્યારે હળવદ તાલુકામાંથી બેફામ રેતીચોરી ઉપર જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ વડા દ્વારા કડક હાથે કાર્યવાહી કરવામાં આવે તો સરકારી તિજોરીને લાખોનો ફાયદો થવાની સાથે ભ્રષ્ટાચાર આચરનાર તંત્રના અધિકારીઓ ના તપેલા ચડી જાય તેમ છે ત્યારે વિસ્તારમાંથી ગેરકાયદેસર થતી ચોરીઅટકાવાય તેવી પંથકના લોકોની માગણી ઉઠવા પામી છે.

રણમલપુર મુકામે સમસ્ત ગુજરાત વરમોરા પરીવારનો તૃતીય સ્નેહમિલન કાર્યક્રમ ભવ્યાતિભવ્ય રીતે યોજાયો



સમાજના શ્રેષ્ઠીઓનો સન્માન સમારોહ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ જ્ઞાતિસમુહ ભોજનનું ભવ્ય આયોજન કરાયું

હળવદ તાલુકાના ગત્રાળ ધામ રણમલપુર ને આગણેતુતીય સ્નેહ મિલન કાર્યેક્રમ સમસ્ત ગુજરાત વરમોરા પરીવારનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો તેમા પચીસો થી વધુ પરીવાર ના લોકો ઉમટી પડયા હતા, સમાજના શ્રેષ્ઠીઓ નો સન્માન સમારંભ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ ત્યારબાદ જ્ઞાતિ નો સમૂહ ભોજન . આ સ્નેહમિલન કાર્યક્રમમાં વરમોરા પરિવારના તૃતીય સ્નેહમિલનમ ના પ્રમુખ અનિલભાઈ લાલજીભાઈ, મહામંત્રી કૃષ્ણકાંત ભીખાભાઈ, ઉદ્યોગપતિ પ્રકાશભાઈ પરષોત્તમભાઈ વરમોરા તથા પરિવારના અગ્રણી એવા પરસોત્તમભાઈ, રવજીભાઈ નાથુભાઈ પ્રભુભાઈ, પ્રેમજીભાઈ મગનભાઈ, ધીરજીભાઈ દેવસીભાઈ, નારાયણભાઈ ટપુભાઈ, હરજીભાઈ ચતુરભાઈ, મનસુખભાઈ ગાંડાભાઈ, વિનોદભાઈ ચતુરભાઈ, ફુલજીભાઈ ભવાનભાઈ, જગદીશભાઈ માવજીભાઈ, ઘનશ્યામભાઈ અરજણભાઈ, ઘનશ્યામભાઈ નાગજીભાઈ તથા સમસ્ત ગુજરાત ભર માંથી વરમોરા પરિવારના અગ્રણી સ્નેહમિલન માં હાજર રહ્યા,પરિવારના પ્રમુખ સહિત સમાજના શ્રેષ્ઠીઓ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા સાસ્કુતિક પોગરામ પરિવારના બાળકો એ સૌ ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા રણમલપુર મુકામે વરમોરા પરિવારના યોજાયેલા તુતિય સ્નેહમિલન કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી વરમોરા પરિવારના લોકો ઉમટી પડ્યા હતા ન ભૂતો ન ભવિષ્ય શાનદાર સ્નેહમિલન કાર્યક્રમ ભવ્યાતિભવ્ય રીતે રંગેચંગે ઉજવાયો હતો.

હળવદ ટાઉન પોલીસ ચોકી બન્યુ શોભાનો ગાંઠીયો

અનેકવાર રજૂઆત કરવા છતાં ચાલુ ન કરાતા લોકોને પડતી મુશ્કેલીઓ



હળવદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પોલીસ ચોકી ગામથી દૂર હોવાના કારણે શહેરમાં ચોરી લૂંટ ફાટ મારામારી ટાફીક તેમજ રોમીયોનો ત્રાસ દિન-પ્રતિદિન વધતો જાય છે જેના કારણે હળવદ વેપારીઓ દ્વારા રજૂઆત કરાતા હળવદ ટાઉન પોલીસ ચોકી લોકાર્પણ કરવામાં આવ્યું હતું જે મા એક પીએસઆઈ સહિત પાંચ પોલીસ કોન્સ્ટેબલ નો સ્ટાફ તેનાત કરવામાં આવ્યો હતો પરંતુ આજદિન સુધી ટાઉન પોલીસ સ્ટેશન ચાલુ ન કરાતા માત્ર ને માત્ર શોભાના ગાંઠિયા સમાન બનીરહુ છે આ બાબતે અનેક વાર રજૂઆત કરવામાં આવી છે પરંતુ આજ સુધી પોલીસ સ્ટેશન ચાલુ ન થતા લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે હળવદ પોલીસ સ્ટેશન ગામ થી દુર હોવાના કારણે નાની-નાની રજૂઆત કરવા લોકોને બહાર જવું પડે છે જેના કારણે હળવદ વાસીઓને ભારે તકલીફ ભોગવી પડે છે આ બાબતે અનેકવાર રજૂઆત કરવા છતા આજદિન સુધી માત્ર ને માત્ર શોભાના ગાંઠિયા સમાન ટાઉન પોલીસ ચોકી બની રહુ છે તો તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે તેવી હળવદ વાસીઓમાં લાગણી અને માગણી ઉઠવા પામી છે તાત્કાલિક ધોરણે જિલ્લા પોલીસ વડા યોગ્ય કરે તેવી માગણી ઉઠવા પામી છે.

પાળીયાદ વિસામણ બાપુની જગ્યાના મહંત પુજ્ય નિર્મળાબાને કુંભમેળામાં ૧૦૦૮ મહામંડલેશ્વરની પદવી અર્પણ થતા તેમની ભવ્ય શોભાયાત્રા સાથે સામૈયુ કરાયુ




બોટાદ જીલ્લાના પાળીયાદના સુપ્રસિધ્ધ શ્રી વિસામણબાપુ ની જગ્યાના વર્તમાન મહંત પુજ્ય નિર્મળાબા ને પ્રયાગરાજ (અલ્હાબાદ) ખાતે ના કુંભમેળામાં નિર્મોહી અખાડાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજેન્દ્રદાસ બાપુ અને પ્રસિધ્ધ કથાકાર મોરારીબાપુ સહીત નિર્મોહી અખાડા ના અનેક સંતો મહંતો ની ઉપસ્થિતીમાં ૧૦૦૮ મહામંડલેશ્વરની પદવી અર્પણ કરવામાં આવી છે જ્યારે સોમવતી અમાસ ના દિવસ પાળીયાદ જગ્યા ના મહંત પુજ્ય નિર્મળાબા પાળીયાદ પધારતા બસસ્ટેશન પાસે તેમનુ સામૈયુ કરવામાં આવ્યુ હતુ અને ત્યાથી ભવ્ય શોભાયાત્રા નિકળી હતી પાળીયાદ ના જાહેર માર્ગો ઉપરથી આ શોભાયાત્રા નિકળતા હજજારો ભકતો શોભાયાત્રા માં જોડાયા હતા અને પાળીયાદ ના જાહેર માર્ગો નાના પડ્યા હતા આ શોભાયાત્રામાં ઘોડેસવારો, રાસ મંડળી એ ખાસ આકર્ષણ જમાવ્યુ હતુ વાજતે ગાજતે ભક્તીમય વાતાવરણ વચ્ચે શોભાયાત્રા વિસામણબાપુ ની જગ્યા માં પહોચી હતી જ્યા નિર્મળાબા ના સાનિધ્ય માં સત્સંગ સભા યોજાઈ હતી પાળીયાદ ગામ તથા ભક્તો દ્વારા ૧૦૦૮ મહામંડલેશ્વર પુજ્ય નિર્મળાબા નુ ફુલહાર થી સન્માન કરવામાં આવ્યુ હતુ પાળીયાદ વિસામણ બાપુની જગ્યાના મહંત પુજ્ય નિર્મળાબાને ૧૦૦૮ મહામંડલેશ્વર ની પદવી મળતા સમગ્ર પાળીયાદ વિહળ પરિવાર અને સમસ્ત સનાતમ ધર્મજગત માં ગૌરવની લાગણી પ્રસરી ગઈ હતી ભક્તો માં ખુશીની લહેર છવાઈ ગઈ હતી.

ભારતીય વિધાર્થી મોરચા દ્વારા ૧૩ પોઈન્ટ રોસ્ટરના વિરોધમાં કચ્છ કલેકટરને આવેદનપત્ર આપ્યું

ભુજ કચ્છ: આજરોજ ભારતીય વિદ્યાર્થી મોરચા દ્વારા ૧૩ પોઈન્ટ રોસ્ટરના વિરોધમાં રાષ્ટ્રપતિ ઉદેશીને લખાયેલ આવેદનપત્ર કલેકટરને આપવામાં આવ્યું. ૧૩ પોઈન્ટ રોસ્ટર અમલમાં આવેલ તેના બદલે ૨૦૦ રોસ્ટર પુનઃલાગુ પાડવામાં આવે તેવી માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

જંગ એ ગુજરાત સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે આજરોજ આવેદનપત્ર આપવામાં આવ્યુ છે તે અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા ૧૩ પોઈન્ટ રોસ્ટર નો ચુકાદો આપવામાં આવેલ છે, જે ચુકાદાને સુપ્રીમ કોર્ટે માન્ય ગણ્યો છે. હાલમાં ૧૩ પોઈન્ટ રોસ્ટર છે, જે જૂનું ૨૦૦ રોસ્ટર ચાલુ હતુ તે યુનિવર્સિટી ભરતી પ્રક્રિયા માટે છે. ૨૦૦ રોસ્ટર ને બદલી કરીને ૧૩ પોઈન્ટ રોસ્ટર લાગુ કરવામાં આવેલ છે.જે લાગુ કરવામાં આવેલ છે તે રોસ્ટર ગેરબંધારણીય હોવાથી એસસી, એસટી, ઓબીસીના પ્રતિનિધિ ખારીજ કરે છે.તેના માટે મહામહિમ રાષ્ટ્રપતિ તથા કચ્છ કલેકટર આવેદનપત્ર આપવાના હેતુથી આજરોજ ભારતીય વિધાર્થી મોરચા નેજા હેઠળ વિદ્યાર્થીઓ ભેગા થયા હતા.આવેદનપત્ર સાથે કલેકટરએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આ અંગે તંત્રને જાણ કરવા આવશે. વિદ્યાર્થીઓ દ્વારા જે માંગ કરવામાં આવેલ છે તે સંતોષવામાં આવે. આ માંગએ કોઈપણ ગેર બંધારણીય માંગ નથી આનાથી પહેલા પણ ૨૦૦ રોસ્ટર અમલમાં હતો. તાત્કાલિક ફેરફાર કરી ૧૩ પોઈન્ટ રોસ્ટર લાગુ કરવામાં આવ્યો છે. જે દેખાઈ જ આવે છે કે ૧૩ રોસ્ટર અમલીકરણમાં એસસી, એસટી, ઓબીસીના યુનિવર્સિટી તથા મોટા મોટા હોદ્દા પર તેનું પ્રતિનિધિત્વ ખારી થઈ જાય તેના માટે લાગુ કરવામાં આવેલ છે.ભારતીય વિદ્યાર્થી મોરચા દ્વારા આવેદનપત્ર જણાવવા માંગે છે કે આ માંગ સંતોષાઈ જવી જોઈએ જો આ માંગ નહિ સંતોષાશે તો ટૂંક સમયમાં ભારતીય વિદ્યાર્થી મોરચા દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવું જણાવ્યું હતું.



પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યે માસિક શિવરાત્રી નીમીતે રાત્રિના ૧૦:૦૦કલાકે જ્યોતપૂજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાત્રે ૧૧:૦૦ કલાકે સોમનાથ મહાદેવની મહાપૂજા, તેમજ ૧૨-૦૦ કલાકે આરતી કરવામાં આવી હતી.

દુષ્કાળગ્રસ્ત કચ્છ જિલ્લાના ખેડૂતોને કરોડનું માત્ર ૪૮ કલાકમાં ચુકવણું કર્યું

દુષ્કાળગ્રસ્ત કચ્છ જિલ્લાના ખેડૂતોને સો કરોડથી વધુ રકમનું ૪૮ કલાકમાં ચુકવણું કરી કચ્છ જિલ્લા પંચાયતે કરેલ ઐતિહાસીક કામગીરી છે

ભુજ કચ્છ: દુષ્કાળગ્રસ્ત કચ્છ જિલ્લાના ખેડૂતોના પાક નુકસાની વળતર માટે સરકાર દ્વારા ક્રોપ ઈનપુટ સહાય જાહેર કરવામાં આવી હતી.જેની અરજી સ્વીકારવાની અંતિમ તારીખ ૩૧/૧/૨૦૧૯ જાહેર થયેલ જે પૂર્ણ થયાનાં ૪૮ કલાકની અંદર કચ્છ જીલ્લામાં જે ૧,૨૦,૦૦૦ અરજીઓની પ્રોસેસ કરી હતી (૧,૨૫,૦૦૦થી વધુ ખેડૂતોની સહાયની આવેલ અરજીઓ પૈકી) તે નિકાલ કરી રૂ. ૧૦૦,૧૨,૨૨,૫૯૯/- (રૂપિયા સો કરોડ બાર લાખ બાવીસ હજાર પાંચ સો નવાણું) સહાયની રકમના ચૂકવણા માત્ર ૪૮ કલાકમાં કરેલ છે. આ કામગીરી પૂર્ણ કરવા જિલ્લા પંચાયત કચ્છ દ્વારા આધાર બેઝ ઓનલાઈન પોર્ટલ બનાવામાં આવ્યું હતું. જેના આધારે આ કામગીરી સરળ બનેલ છે. આ પોર્ટલ દ્વારા આધાર કાર્ડ અને બેંક ખાતાના આધારે ૮૦૦૦ થી પણ વધુ ડુપ્લીકેટ અરજીઓ ચકાસણી દરમ્યાન પોર્ટલ દ્વારા ધ્યાન પર આવતાં રૂપિયા ૫,૪૦,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ કરોડ ચાલીસ લાખ) રકમની સરકારમાં બચત થયેલ છે.આ પોર્ટલ બનવાથી તલાટી તથા TDO લેવલમાં અરજીઓ બાકી છે તેનું લાઈવ સ્ટેટસ પોર્ટલ દ્વારા જિલ્લા કક્ષાએ મોનીટરીગ કરવા માટે જાણી શકાતું હતું.જેથી દરરોજ તલાટી,ગ્રામ સેવકને કરવાના થતા ૧૮૦૦ થી વધુ ફોન કોલ્સ દ્વારા માહિતી મેળવાની જહેમત દુર થયેલ છે. ઓટોમેટીક સહાયની રકમની ગણતરી,આધાર કાર્ડ લીક તથા બેંક IFSC કોડ લિન્કિંગ થી ચોકસાઈ મેળવી માનવીય ભૂલો થવા પામેલ નથી.

ખેડૂતોને ઝડપથી રૂપિયા સો કરોડ થી વધુ રકમની સહાય ચૂકવવા ખેડૂતોના આજના સુવર્ણ દિવસ માટે જિલ્લા પંચાયત કચ્છ ગર્વની લાગણી અનુભવે છે.

હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા PM KISAN યોજનાની જાહેરાત અન્વયે નાના તથા સીમાંત ખેડૂતોનો જરૂરી DATABASE ઉપલબ્ધ થયેલ છે.જેથી આ યોજનામાં ખેડૂતોને ઝડપથી ચૂકવણામાં સરળતા ઉપલબ્ધ કરી યોજનાનું અમલીકરણ થઈ શકશે.

સુરત મહાનગરપાલિકા દ્વારા કુલ ૫૭ સેવાસેતુ કાર્યક્રમો યોજાયા

કુલ ૧,૨૪,૬૨૩ જેટલા લાભાર્થીઓ થયા લાભાન્વિત

સુરત

રાજ્ય સરકાર તથા તથા મહાનગરપાલિકાની વિવિધ યોજનાઓનો એક જ સ્થળે લાભ આપીને લાખો અરજદારોની અરજીઓનો સ્થળ પર જ નિરાકરણ લાવીને પારદર્શક પ્રશાસનની પ્રતીતિ સેવા સેતુએ કરાવી છે. સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પાલિકા વિસ્તારમાં યોજાયેલા ચાર તબક્કાના અત્યાર સુધીમાં ૫૭ જેટલા સેવા સેતુના કાર્યક્રમોમાં ૧,૨૪,૬૨૩ જેટલા જરૂરીયાતમંદોની અરજીનો ઘર આંગણે નિકાલ આવ્યો છે. જેમાં ૨૨૭૩૦ જેટલા આવકના દાખલાઓ, ૧૦૧૦૫ જેટલા રેશનકાર્ડ, ૯૩૨૪ આધારકાર્ડ, ૧૪૩૦૪ મા અમૃત્તમ/ વાત્સલ્ય કાર્ડ, ૪૬૪૧ વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્રો, રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના, વિધવા સહાય, નોન ક્રિમીલિયરના દાખલાઓ જેવી વિવિધ યોજનાઓના ૧૨૦૭૩ તથા સુરત મહાનગરપાલિકાની જન્મ મરણના દાખલાઓ, આકારણી જેવી વિવિધ સેવાઓના ૫૧૪૪૬ જેટલા લાભાર્થીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધો છે.



ફુડ સેફ્ટી અંગે ૧૨ દુકાનો સીલ કરાઈ

સુરત મહાનગરપાલિકાના ડે.કમિશનર હેલ્થ અને હોસ્પિટલ તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ સંસ્થાઓની તા.૨-૨-૨૦૧૯નાં રોજ અત્રેની ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા અઠવા ઝોન વિસ્તારમાં સંસ્થાઓની સ્થળ તપાસ કરી ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળનાં લાયસન્સ-રજીસ્ટ્રેશન વગર કાર્યરત કુલ ૧૨ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે તેમજ કુલ ૫ સંસ્થાઓમાં આરોગ્યલક્ષી ખામીઓ જણાતાં નોટીસ આપવામાં આવેલ છે.

બેંકો સાથે રૂ.૬ કરોડની છેતરપિંડી કરનાર રેલીગર ફીનવેસ્ટના છ સંચાલકોની ધરપકડ

ખટોદરા પોલીસે બે વર્ષ પૂર્વે નોંધાયેલા ઠગાઈના ગુનાના આરોપીઓની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યા

સુરત

રિંગરોડ પર આવેલી રેલીગેર ફીનવેસ્ટ લિમિટેડ કંપનીમાં આશરે ૬ કરોડની રકમનું બેંક ફ્રોડ કરવાના બે વર્ષ જુના ગુનામાં ખટોદરા પોલીસે છ આરોપીઓને ઝડપી લીધા છે.

ખટોદરા પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ૨૭૫/૨૦૧૭ નંબરથી બે વર્ષ અગાઉ ફરિયાદ નોંધાઈ હતી. નાયબ પોલીસ કમિશનર ઝોન-૩ સ્કોડ અને ખટોદરા પોલીસ નાસતા ફરતા આરોપીઓની તપાસ કરી રહી હતી. તે દરમ્યાન પીએસઆઈ સી.પી. ચૌધરીને માહિતી મળી હતી કે રેલીગેર ફીનવેસ્ટ પ્રા.લિ. કંપનીના છ કરોડના ફ્રોડ કેસમાં સંડોવાયેલ આરોપી વરાછા વિસ્તારમાં ભેગા થવાના છે. આ માહિતીના આધારે પોલીસે વોચ રાખી દિનેશ ધીરૂ ગોંડલીયા, દિપક મનજી કોશિયા, લાલજી મનજી કોશિયા, દિનેશ બાબુ અમરેલીયા, બિપીન નરસિંહ કથીરિયા અને જાધવ વાલજી ભીકડીયાને ઝડપી પાડ્યા હતા. ખટોદરા પોલીસે ઝડપી પાડેલ આરોપીઓને કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા તમામ ૬ આરોપીઓને જ્યુડીશિયલ કસ્ટડી લાજપોર જેલ ખાતે રવાના કરવાનો આદેશ કર્યો હતો.

આ ગુનામાં અગાઉ આરોપીઓ પકડાઈ ચૂક્યા છે. ઝડપાયેલ છ આરોપીઓ દ્વારા ડમી ફાર્મ ઉભી કરીને ફ્રોડ કરવામાં આવ્યું છે. આ ગુનાની વધુ તપાસ નાયબ પોલીસ કમિશનર ઝોન-૩ દ્વારા કરવામાં આવી રહી છે. તપાસમાં જરૂર પડશે તો ઝડપાયેલ છ આરોપીઓના રીમાંડ મેળવવામાં આવશે.

સ્ટેટ કરાટે ચેમ્પિયનશીપમાં શીતલ કુલકર્ણીને સિલ્વર મેડલ

સુરત

ગુજરાત સ્ટેટ કરાટે ચેમ્પિયનશીપ અને નેશનલ સિલેક્શનનું આયોજન આણંદ ખાતે કરાટે ડૉ ફેડરેશન ઓફ ગુજરાત દ્વારા યોજવામાં આવ્યું હતું. જેમાં ઉધનાની ન્યુ મોડલ સ્કૂલની વિદ્યાર્થિનીઓ દ્વારા ઉત્કૃષ્ટ દેખાવ કરવામાં આવ્યો હતો. જેમાં ૫ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૩ બ્રોન્ઝ એમ કુલ ૧૧ મેડલ પ્રાપ્ત થયા હતા અને એમાંથી ૬ વિદ્યાર્થિનીઓ નેશનલ રમવા માટે સિલેક્ટ થયા. જેઓ આગામી એપ્રિલમાં દિલ્હી ખાતે રમશે. જેમાં મન્સુરી મહેકને ૨ ગોલ્ડ મેડલ, સોનવણે રીયાને ૧ ગોલ્ડ, ૧ સિલ્વર, મોહંમદ બસીતાને ૧ ગોલ્ડ ૧ સિલ્વર, રાજપુત રવિનાને ગોલ્ડ મેડલ, શીતલ કુલકર્ણિને ૧ સિલ્વર મેડલ, કેશવી જરીવાલાને ૨ સિલ્વર મેડલ, યશ્વી જાધવને ૧ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયું હતું. આ વિદ્યાર્થિનીઓને તેમના કોચ કૃણાલ સુરતી દ્વારા કોચિંગ આપવામાં આવી હતી. તેમજ ન્યુ મોડલ સ્કૂલની આ સિદ્ધિને સ્કૂલના પ્રિન્સીપાલ અને સર્વ સ્ટાફ દ્વારા બિરદાવવામાં આવી હતી. તેમજ મેડલ પ્રાપ્ત કરવા બદલ વર્લ્ડ ટ્રેડીશનલ, શોટકોન કરાટે ફેડરેશન ગુજરાતના પ્રમુખ સિહાન જીતેન્દ્ર સુરતીએ વિદ્યાર્થી તથા કોચ કૃણાલ સુરતીને શુભેચ્છા પાઠવી તેમજ રાજ્ય કક્ષાએ મેડલ પ્રાપ્ત કરે તેમ શુભેચ્છા પાઠવી હતી.

પ્રેમી સાથે ફરાર પત્નીની હત્યા કરવા તમંચો લઈ ફરતો પતિ ઝડપાયો

સુરત

સુરતના વડોદગામમાં પત્નીની હત્યા કરવાના ઈરાદે દેશી તમંચો લઈ ફરતા યુપીવાસી યુવાનને પાંડેસરા પોલીસ ઝડપી પાડ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે પાંડેસરા પોલીસ મથકના પીએસઆઈ એન.જે પંચાલ સર્વેલન્સ સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા. દરમિયાન હેડ કોન્સ્ટેબલ લાલાભાઈ લક્ષ્મણભાઈ અને નરેન્દ્રભાઈ દશરતભાઈને મળેલી બાતમીના આધારે પોલીસે વડોદગામ મુનલાઈટ સિનેમા પાસેથી ૩૨ વર્ષીય રાજેન્દ્ર પ્રસાદ રામનિરંજન વર્મા જેઓ હરીઓમનગર, વડોદગામમાં રહે છે તેને ઝડપી પાડ્યો હતો.

પોલીસના જણાવ્યા પ્રમાણે તેની અંગ ઝડતી લેતા તેની પાસેથી લોડેડ દેશી તંમચો મળી આવ્યો હતો. જેમાં ૯ એમએમ કેએફ લખેલા જીવતા કારતૂસ હતો. રાજેન્દ્ર પ્રસાદે તમંચો યુપીથી લાવ્યો હોવાની કબુલાત કરી હતી. રાજેન્દ્રએ પોલીસને જણાવ્યું હતું કે, તમંચો પત્ની સીમાની હત્યા કરવાના ઈરાદે લાવ્યો હતો. સીમા છ માસ અગાઉ તેને છોડીને ઘર નજીક રહેતા બલ્લુ ઉર્ફે સત્યમ સાથે ભાગી ગઇ છે.

દસ વર્ષ પહેલા સીમા તેણીના પતિને છોડીને બે બાળકો સાથે તેની સાથે ભાગી આવી હતી. ત્યારબાદ તેઓ છેલ્લા દસ વર્ષથી પતિ-પત્ની તરીકે રહેતા હતા. દરમિયાન તેણીએ દગો આપતા હત્યા કરવા તમંચો લાવ્યો હતો.

તા.૧૯'મીએ બારડોલીના બાબેન ખાતે મેગા જોબફેરનું આયોજન

સુરત

રોજગાર કચેરી/મોડલ કેરીયર સેન્ટર તથા વિદ્યાભારતી ટ્રસ્ટ ઉમરાખના સંયુકત ઉપક્રમે આગામી તા.૧૯/૨/૨૦૧૯ના રોજ બારડોલી તાલુકાના બાબેનના વિદ્યાભારતી ટ્રસ્ટના કેમ્પસમાં મેગા જોબ ફેર યોજાશે. આ રોજગાર મેળામાં બી.ઈ., બી.ટેક, ડિપ્લોમા, બી.ફાર્મ, બી.બી.એ., એમ.સી.એ.ની લાયકાત ધરાવતા અનુભવી તથા બિન અનુભવી રોજગાર વાંચ્છુ ઉમેદવારો વિનામૂલ્યે ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છતા દરેક નોકરીદાતાએ https://goo.gl/n5q7LJ લિંક પર તેમજ દરેક રોજગાર વાચ્છુ ઉમેદવાર મિત્રોએ https://goo.gl/1oswdT લિંક પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવાનું રહેશે.









તંત્રી સ્થાનેથી...

વચગાળાનું બજેટ શું ભાજપને ફરી સત્તા અપાવશે...!!?

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના કામચલાઉ નાણાં પ્રધાન પીયૂષ ગોયલે શુક્રવારે મોદી સરકારની પાંચ વર્ષની ટર્મનું છેલ્લું બજેટ રજૂ કરી દીધું. વન ડે ક્રિકેટ મેચમાં કોઈ ટીમ ૪૦ ઓવર લગી ઠિચૂક ઠિચૂક રમે ને પછી છેલ્લી ૧૦ ઓવરમાં ધુંઆદાર બેટિંગ કરી નાંખે એવો ઘાટ આ બજેટે કરી નાંખ્યો. આ છેલ્લા બજેટમાં મોદી સરકાર તમામ વર્ગો પર બરાબરની રીઝી ને તેમાં પણ મધ્યમ વર્ગ-નોકરિયાતો અને ખેડૂતોને તો રાજી રાજી કરી દીધા. મોદી સરકારનું આ છઠ્ઠું બજેટ હતું ને અગાઉનાં પાંચ બજેટમાં ઝાઝું કમાવાનું નહોતું.

નરેન્દ્ર મોદી મધ્યમ વર્ગને આંબા-આંબલી બતાવીને સત્તામાં આવેલા પણ તેમના પહેલા બજેટમાં મધ્યમ વર્ગ રાજી થાય એવું કશું નહોતું. જેટલીએ તેમના પહેલા બજેટમાં આવકવેરાના દરોમાં નજીવી રાહતો આપેલી. ભાજપ સત્તામાં આવ્યો એ પહેલાં આવકવેરાની મર્યાદા વધારીને પાંચ લાખ કરવાની વાતો કરતો હતો પણ એ વચન એક પણ બજેટમાં ના પાળ્યું. આ બજેટમાં પણ તેમણે એ વચન નથી પાળ્યું પણ ટેક્સ રીબેટ મેળવવા માટેની મર્યાદા પાંચ લાખ કરી દીધી. તેનો અર્થ એ થાય કે, જેમની આવક પાંચ લાખ રૂપિયા સુધી હશે તેમણે કોઈ ટેક્સ નહીં ભરવો પડે. એ લોકો દોઢ લાખ સુધીનું રોકાણ નિયત કરેલી સ્કીમોમાં કરે તો બીજો દોઢ લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ ભરવામાંથી મુક્તિ મળે.

મોદી સરકારે જાહેરાત કરી ત્યારે સૌને એવું લાગતું હતું કે, આવકવેરા મુક્તિ મર્યાદા વધારીને પાંચ લાખ રૂપિયા કરાઈ છે પણ એવું નથી. અલબત્ત આ જોગવાઈના કારણે બહુ મોટા મધ્યમ વર્ગ તથા નોકરિયાત વર્ગને થોડો ઘણો ફાયદો તો થશે જ. ગોયલે નોકરિયાતો માટેની ગ્રેજ્યુઈટીની મર્યાદા પણ વધારીને વીસ લાખ કરી દેવાઈ છે. સ્ટાન્ડર્ડ ડિડક્શનની મર્યાદામાં પણ ૧૦ હજારનો વધારો કરી નાંખ્યો તેના કારણે પણ નોકરિયાતોને ફાયદો છે.

મોદી સરકાર અત્યાર લગી ખેડૂતો માટે પણ વાતોનાં વડાં કર્યા કરતી હતી પણ કશું નક્કર નહોતી કરતી. આ વખતે બે હેક્ટર સુધી એટલે કે ૧૨ વીઘા સુધીની જમીન ધરાવતા ખેડૂતોને વરસે ૬ હજાર રૂપિયાની સહાય આપવાની જાહેરાત પણ કરી નાંખી. એ જ રીતે બિનસંગઠિત ક્ષેત્રના કામદારોને મહિને ૩૦૦૦ રૂપિયા પેન્શન આપવાનું એલાન પણ કરી નાંખ્યું. મધ્યમ વર્ગને બીજું ઘર ખરીદવા પર પણ રાહત આપી દીધી ને બીજી પણ ઘણી એવી જાહેરાતો છે કે જેની કોઈએ અપેક્ષા નહોતી રાખી. ટૂંકમાં મોદી સરકારે બધા વર્ગનાં લોકોને સાચવી લીધા છે. આ દૃષ્ટિકોણથી મોદી સરકારનું આ શ્રેષ્ઠ બજેટ છે તેમાં શંકા નથી પણ આ બજેટ એવું જોરદાર પણ નથી કે તેના પર ઓળઘોળ થઈ જવાય છે.

જોકે એ પછી પણ મોદી સરકારનું આ બજેટ એન્ટિ ક્લાઈમેક્સ જેવું છે કેમ કે અત્યાર લગીનાં મોદી સરકારનાં બજેટ બહુ હરખાવા જેવાં નહોતાં. ભારતમાં મધ્યમ વર્ગ સૌથી મોટો છે અને સૌથી પ્રમાણિક કરદાતા છે. આ પ્રમાણિક કરદાતાને રાહત આપવા છેલ્લાં પાંચ વર્ષ લગી કશું નહોતું કરાયું. તેના કારણે આ વર્ગમાં નિરાશા હતી પણ મોદી સરકારે આ નિરાશા કંઈક અંશે ખંખેરાઈ જાય એવી જાહેરાતો કરી છે.

મોદી સરકારના પહેલા પહેલા બજેટમાં જેટલીએ આવકવેરા મર્યાદામાં થોડીઘણી રાહતો આપી પણ એ બધી છેતરામણી હતી ને તેના કારણે બહુ ફાયદો નહોતો થયો. બીજા બજેટમાં જેટલીએ સર્વિસ ટેક્સના દરમાં વધારો કરીને મધ્યમ વર્ગને રીતસરનો ખંખેરી નાંખેલો. સર્વિસ ટેક્સનો દર પહેલાં ૧૨.૩૬ ટકા હતો. જેટલીએ તે વધારીને સીધો ૧૪ ટકા કરી દીધો નાંખેલો. સર્વિસ ટેક્સ હેઠળ મોબાઈલ ફોનથી શરૂ કરીને જિમ્નેશિયમ સુધીની સેવાઓ આવી જાય. આ બધી સેવાઓ મધ્યમ વર્ગને જ વધારે અસર કરે છે ને એ રીતે જેટલીએ તેમના ખિસ્સા પર કાતર ફેરવી દીધી હતી. એક વર્ષ પછી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)નો અમલ શરૂ થયો પછી સર્વિસ ટેક્સના દર પાછા વધારીને જેટલીએ મધ્યમ વર્ગને એક વરસના ગાળામાં બે વાર ખંખેરી નાંખેલો.

નોકરિયાતોને સાવ એવું ના લાગે કે પોતાની સાવ અવગણના થઈ છે એટલે જેટલીએ તેમને રીઝવવા માટે હેલ્થ ઈન્શ્યોરન્સની કરમુક્તિની મર્યાદા વધારવાનો ટુકડો ફેંકી દીધો હતો. અગાઉ મેડિક્લેઈમની ૧૫,૦૦૦ રૂપિયા સુધીની રકમને આવકવેરામાંથી મુક્તિ મળતી. જેટલીએ એ મર્યાદા વધારીને ૨૫,૦૦૦ રૂપિયા કરી હતી પણ તેના કારણે નોકરિયાતોને ઝાઝો ફાયદો થયો નથી. માંડ એકાદ હજારનો ફાયદો થાય ને એ ફાયદો લેવા તેમણે વધારાના ૯૦૦૦ હેલ્થ ઈન્શ્યોરન્સ કંપનીઓને ખટાવવા પડે તેવો ખેલ જેટલીએ કરેલો.

જોકે ભાજપને લોકસભાની ચૂંટણીમાં મતદારો સુધી જવા માટે એક મજબૂત મુદ્દો મળી ગયો છે તેમાં શંકા નથી. ભાજપે પોતે આપેલાં વચન પાળતો નથી એવું મહેણું સાવ ભાંગ્યું નથી પણ તેણે એકસાથે ઘણા બધા વર્ગને ખુશ કરવા કોશિશ ચોક્કસ કરી છે. આ બધા મુદ્દાના જોરે ભાજપ લોકસભાની ચૂંટણીમાં તરી જાય એવું પણ બને. આ જાહેરાતોના કારણે યંગ ઈન્ડિયા ફરી મોદી પર ઓવારી જાય ને તેના કારણે ભાજપની વધુ પાંચ વર્ષ માટે સત્તામાં આવવાની શક્યતા નકારી ના શકાય.

સીબીઆઈ અને ઈડીને કોંગ્રેસી નેતા દ્વારા ચેતવણી વખોડવાલાયક...

તપાસ મુદ્દે કોંગીની ધમકી કમનસીબ



સીબીઆઈ દ્વારા હુડ્ડાના આવાસ પર દરોડા પાડવામાં આવ્યા બાદ કોંગ્રેસની ઉત્તેજના દેખાઈઃ ચિદમ્બરમ, હુડ્ડા, કાર્તિ, વાઢેરા સામે તપાસ

સીબીઆઈ અને ઈડી જેવી ટોપની તપાસ સંસ્થાઓ દ્વારા જુદા જુદા કેસોમાં તપાસ કરવામાં આવી રહી છે. આ તપાસના કારણે કોંગ્રેસી નેતાઓની ઉંઘ હરામ થઈ ગઈ છે. આ પાર્ટીના નેતાઓ તપાસ સંસ્થાઓ પર તેમની ભડાસ કાઢી રહ્યા છે. તપાસ સંસ્થાઓની ટિકા કરવી અને તેમને ધમકી આપવા માટેની કોંગ્રેસી નેતાઓની બાબત કમનસીબ છે. કોંગ્રેસના સર્વોચ્ચ નેતાઓ દ્વારા આ મામલે કાર્યવાહી કરવી જોઈએ. કોંગ્રેસે હવે સીબીઆઈ અને ઈડીને ખુલ્લી ચેતવણી આપી છે જે કમનસીબ છે. કોંગ્રેસી નેતા ચેતવણીના અંદાજમાં કહી ચુક્યા છે કે સરકાર સ્થાયી નથી તે બાબતને બ્યુરોક્રેટસ સમજી લે તે જરૂરી છે. અધિકારીઓ તેમની હદમાં રહીને કામ કરે તે જરૂરી છે. આ સરકાર બદલાશે. નવી સરકાર આવશે ત્યારે એવા તમામ અધિકારીઓની ભૂમિકામાં તપાસ કરવામાં આવશે જે હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહના ઈશારે કામ કરી રહ્યા છે. આખરે કોંગ્રેસ સીબીઆઈ અને ઈડી સામે આવુ વલણ કેમ અપનાવી રહી છે. આના એક દિવસ બાદ આઈસીઆઈસીઆઈ બેંકના પૂર્વ સીઈઓ ચંદા કોચર પર કેસના મામલે અરૂણ જેટલી દ્વારા પ્રતિક્રિયા આપવામાં આવી હતી. જેટલીના નિવેદનથી પણ સીબીઆઈ પર દબાણ લાવવામાં આવ્યુ હોવાની શંકા થઈ હતી. જો કે આ કેસ અલગ હતો. કોંગ્રેસની ઉત્તેજના અને નારાજગીનુ કારણ હરિયાણાના પૂર્વ મુખ્યપ્રધાન ભુપેન્દ્ર સિંહ હુડ્ડાના આવાસ પર હાલમાં સીબીઆઈ દ્વારા પાડવામાં આવેલા દરોડા છે. જો કે કોંગ્રેસી નેતાઓની સમસ્યા માત્ર હુડ્ડા સુધી મર્યાદિત નથી. સીબીઆઈ અને ઈડી દ્વારા હાલના દિવસોમાં પૂર્વ નાણાંપ્રધાન ચિદમ્બરમ, તેમના પુત્ર કાર્તિ અને કોંગ્રેસના ઉત્તરપ્રદેશના મહાસચિવ તેમજ રાહુલ ગાંધીના બહેન પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાઢેરાની સામે તપાસ પણ છે.જોધપુરની હાઈકોર્ટે રોબર્ટ વાઢેરા તેમજ તેમની માતા મૌરીન સહિત કંપનીના તમામ ભાગીદારોને ૧૨મી ફેબ્રુઆરીના દિવસે હાજર કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. બીકાનેરમાં કોલાયત ઉત્રમાં ૨૭૫ બિઘા જમીનને લઈને તેમની સામે તપાસ ચાલી રહી છે. સીબીઆઈ અને ઈડી દ્વારા આ જ દિવસે દિલ્હી હાઈકોર્ટમાં એરસેલ અને મેક્સિમ તેમજ આઈએનએક્સ કેસમાં પૂર્વ પ્રધાન ચિદમ્બરમ સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. કોર્ટે કાર્તિની સામે પણ કાર્યવાહી જારી રાખી છે. કોંગ્રેસ પાર્ટીને આ બાબત ક્યારેય ભુલવી જોઈએ નહીં કે નેશનલ હેરાલ્ડ મામલે તેમની તમામ દલીલ અસ્વીકાર કરવામાં આવી ચુકી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા તેમની દલીલ ફગાવી દેવામાં આવી છે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની અરજી પણ ફગાવી દેવામાં આવી છે. કોર્ટે હેરાલ્ડ હાઉસ ખાલી કરવા માટે આદેશ પણ આપી ચુકી છે. હુડ્ડા પર કેસ કોર્ટના આદેશના આધારે દાખલ કરવામાં આવ્યો છે. તેમના તરફથી વર્ષ ૨૦૦૯માં ગુડગામમાં ૧૪૧૭ એકર જમીનના અદિગ્રહણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આરોપ છે કે રાજ્ય સરકારે સેક્ટર ૫૮થી ૬૩ અને ૬૫થી ૬૭ના અધિગ્રહણ માટે જાહેરનામુ જારી કર્યુ હતુ. સરકાર યોગ્ય કિંમત પર આર્થિક રીતે પછાત લોકોને જમીન આપવા માટે ઈચ્છુક હતી. જો કે જાહેરનામુ જારી કરવામાં આવ્યા બાદ સામાન્ય જમીન માલિકો ઘબરાઈ ગયા હતા. આ લોકોએ ખુબ સસ્તી કિંમતો પર તેમની જમીન બિલ્ડરોને આપી દીધી હતી. આમાં બિલ્ડરોને લાભ પહોંચાડી દેવા માટે રાજકીય શક્તિનો દુરુપયોગ સ્પષ્ટ દેખાય છે. કાર્યવાહી માત્ર હુડ્ડાની સામે હાથ ધરવામાં આવી નથી. બલ્કે ૧૫ મોટા બિલ્ડરોની સામે કાર્યવાહી કરવામાં આવી છે. ચિદમ્બરમ પર બે કેસો રહેલા છે. જેમાં ૩૫૦૦ કરોડના એરસેલ - મેકસીસ અને ૩૦૫ કરોડના આઈએનએક્સ મિડિયા કેસનો સમાવેશ થાય છે. સીબીઆઈના આરોપપત્રમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે નાણાંપ્રધાન તરીકે ચિદમ્બરમને ૬૦૦ કરોડ રૂપિયા રોકાણ કરવાનો અધિકાર હતો. જો કે સોદાબાજીમાં ૩૫૦૦ કરોડ રૂપિયાનુ રોકાણ મળ્યુ હતુ. કોંગ્રેસી નેતા હાલમાં લાલઘુમ દેખાઈ રહ્યા છે. જે બિનજરૂરી છે. વર્ષ ૨૦૦૬માં મેક્સીસે એરસેલમાં ૭૪ ટકા હિસ્સેદારી ખરીદી લીધી હતી. એરસેલના માલિક શિવશંકરણને કહ્યુ છે કે પોતાની હિસ્સેદારી મેક્સીસને આપી દેવા તેમના પર દબાણ લાવવામાં આવ્યુ હતુ. ચિદમ્બરના કાર્યકાળ દરમિયાન આઈએનએક્સ મિડિયા મામલામાં ગેરરિતીઓ થઈ હતી. આઈએનએક્સના મુખ્ય પ્રમોટર ઈન્દ્રાણી મુખર્જી કહી ચુક્યા છે કે વિદેશી રોકાણને મંજુરી અપાવવા માટે ચિદમ્બરમના પુત્રને લાંચ આપવામાં આવી હતી. રોબર્ટ વાઢેરા પર હરિયામા અને રાજસ્થાનમાં મિલીભગત મારફતે જમીનોના ગેરકાયદે કારોબારનો આરોપ છે.

મોદી-મમતાજી, જો આવું જ રહેશે તો દેશમાં અંધાધુંધી ફેલાઈ જશે અને પરિણામ..?!!

પશ્ચિમ બંગાળની ભૂમિ ક્રાંતિકારીવીરોની ભૂમિ રહી છે. એ જ ભૂમિ ઉપર જે પરિસ્થિતિઓ ઉભી રહી છે તે મુખ્યમંત્રી મમતા બેનર્જી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોઈના મતે ઉચિત નથી. રાજકીય લડાઈમાં તપાસ એજન્સીઓનું અંદરો અંદર ટકરાઈ જવું કાયદો અને બંધારણ માટે ખતરાની ઘંટી સમાન છે. રાજકીય અંદરો અંદરની લડાઈ એક તરફ અને કાયદાકીય તપાસ સંસ્થાની પોતાની સ્વતંત્રતા એકતરફ પરંતુ જે ભૂલ કોંગ્રેસે કરી એ જ ભૂલોને દોહરાવવી કેન્દ્રની વર્તમાન સરકારને જાણેકે સુવિધારૂપ બની ગઈ હોય એ રીતે સીબીઆઈ અને અન્ય તપાસ એજન્સીઓને રાજનેતાઓ પાછળ લગાવવી એ રાજકીય દુરૂપયોગ નથી તો શું છે..?? સપા-બસપાની વચ્ચે ગઠબંધનના દિવસે જ દરોડા પાડવા, આટલા વર્ષો પછી મૂર્તિઓનાં કેસમાં માયાવતીની વિરુદ્ધમાં તપાસ શરૂ કરાવવી, એવા અનેક ઉદાહરણો છે કે જે જોઈને વિરોધપક્ષ દ્વારા લગાવવાની મોદી સરકાર તપાસ એજન્સીઓનો દુરુપયોગ પોતાના રાજકીય સ્વાર્થ માટે કરી રહી છે તો આમાં વાંક કહેવાય..?!!

પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીની એવી ફરિયાદ છે કે મોદી સરકાર તેમની સરકારને આવી તપાસ એજન્સીઓનો ખોટો ઉપયોગ કરી પરેશાન કરી રહી છે અને તેના કારણે સીબીઆઈને કોલકાતાનાં પોલીસ કમિશ્નર રાજીવકુમારને પકડવા પહોંચી ત્યારે મમતાનાં ઈશારા પર તેમની પોલીસે સીબીઆઈનાં અધિકારીઓને મુક્ત કરાવવામાં આવ્યા. મુખ્યમંત્રી મમતાએ મોદી સરકારની વિરુદ્ધમાં સીધી લડાઈનો મોરચો ખોલી નાંખી કોલકાતામાં ધરણા પર બેસી ગયા. રાજયની પોલીસ અને કેન્દ્રની તપાસ એજન્સી સીબીઆઈ વચ્ચે કોલકાતામાં જે થયું તેના મતે મમતા અને મોદી બંનેની સરકાર જવાબદાર છે અને જો બંગાળની જેમ જ્યાં વિરોધપક્ષની સરકારો છે ત્યાં પોલીસ અને કેન્દ્રની તપાસ એજન્સીની વચ્ચે જ ઝપાઝપી અને મારામારી થતી રહી તો દેશમાં અંધાધુંધી ફેલાઈ જશે. દેશમાં અરાજકતા ફેલાઈ જશે અને એક ભારત નેક ભારત ટુકડાઓમાં વહેંચાઈ જશે તો પછી બાકી બચશે જ શું..?!!

કોંગ્રેસે મારી વિરુદ્ધમાં ૯ વર્ષમાં સીબીઆઈનો રાજકીય દુરુપયોગ કર્યો એવું વારંવાર વડાપ્રધાન કહે છે. પરંતુ કોંગ્રેસે જે કર્યું. તેની સજા તેને મળી ગઈ. કોંગ્રેસ વિરોધપક્ષમાં છે અને તમો સત્તામાં તો પછી તમો પણ એવું જ કરશો તો પછી કોંગ્રેસની અને તમારી માનસિકતામાં ફરક શું રહ્યો..?!! બંગાળ સરકાર કેન્દ્ર સાથે સહયોગ નથી કરી રહી તો તેના વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી હોય. સીબીઆઈની તપાસનો જે સમય છે. તેમાં વિરોધપક્ષને બદલાની ભાવનાની ગંધ આવે તો તેના પરથી લાગે છે કે આ રાજકીય દુરુપયોગ થઈ રહ્યો છે. જેમ કે ભાજપાનાં અમિત શાહનાં હેલીકોપ્ટરને જ્યાં તેઓ ઉતારવા ઈચ્છતા હતા ત્યાં ઉતારવાની માની કરવી. ભાજપાના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથનાં હેલીકોપ્ટરને પણ મંજુરી ન આપવી અને તેના પછી સીબીઆઈનું શારદાચીટ ફંડ જુના પુરાના કેસમાં કોલકાતાના પોલીસ કમિશ્નરને પકડવા જવું એ જે સમય છે તે બતાવે છે કે આ રાજકીય પગલું છે. કાયદાકીય નથી. અત્યાર સુધી સીબીઆઈ કેમ ન પહોંચી કોલકાતાનાં પોલીસ કમિશ્નરને પકડવા..?!! આ બધી ઘટનાઓ જે રીતે બની રહી છે અને થવાની છે તે સમવાયતંત્રને માટે ખતરનાક બની શકે છે. આંતરિક રાજકીય રમતમાં સીબીઆઈ, ઈડી કે પોલીસબળનો ઉપયોગ ન થાય એ જોવાની ન્યાયતંત્ર અને ચોથી જાગીરના પત્રકારોની ફરજ છે. કેન્દ્ર અને રાજ્યની વચ્ચે આ પ્રકારનાં ટકરાવાથી આખરે સામાન્ય લોકો પણ વહેંચાઈ જશે તો જે હાલત મહાસત્તા રશિયાની થઈ એવા જ હાલ ભારતના થઈ શકે છે. અલગ રાજ્ય અલગ રાષ્ટ્ર બની જાય તો એક દેશ કઈ રીતે ટકશે..?!! કેન્દ્ર સરકાર પણ જો મારું જ બધું અને મને જ ૫૦ વર્ષ સુધી રાજ કરવાનો અધિકાર મળી ગયો છે એવી માનસિકતાની સાથે રાજ્યોની સાથે વર્તન કરે એ પણ ઉચિત નથી ટકરાવાથી નહિ પરંતુ વાતચીતથી પ્રશ્ન ઉકલે. 'મિલે સુર મેરા તુમ્હારા તો સુર બને હમારા...' આ સૂરમાં બંગાળ, રાજસ્થાન,પંજાબ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, કર્ણાટક વગેરેના સુર બેસુર થઈ જશે તો સરદાર પટેલનું અખંડ ભારત ખંડ-ખંડમાં વહેંચાઈ જશે તો હૃદય સમ્રાટ હોય કે એક રાજ્યના લોકોનાં મનમાં સ્થાન પામેલી કે પામેલા કોઈ પ્રાદેશિકતા રાજનેતા કે રાજ્ય મહિલા નેતા..!!

ચોખાના ઓસામણના ફાયદા મણ મણ

સોજા વિરોધી તરીકે કાર્ય રે છે - ચોખાના ઓસામણમાં વિટામીન, ખનીજ અને એમિનો એસિડ મોટા પ્રમાણમાં હોય છે. તે સોજા વિરોધી તરીકે કુદરતી રીતે જ કાર્ય કરે છે. આથી તે આપણા શરીરને ચોક્કસ રોગોથી બચાવવામાં મદદ કરે છે.

તન અને મનને હળવું કરે છે - ચોખાના ઓસામણનો મોટો ફાયદો એ પણ છે કે તે આપણા તન અને મનને હળવું રાખે છે. તન અને મનને હળવું બનાવવા તમે જ્યારે નહાવા જાવ ત્યારે તમારા સ્નાનના પાણીમાં ચોખાનું ઓસામણ ઉમેરી દો. આનાથી તમારું તન અને મન બંને હળવું થશે અને તમે તમારા જીવનને સારી રીતે માણી શકશો.

ઊર્જા આપે છે - તમે કસરત દ્વારા તો શરીરમાં ઊર્જા મળે જ છે પરંતુ તમે જો આહારવિહારમાં ધ્યાન રાખો તો પણ તમે ઊર્જાવાન રહી શકો છો. હવે ચોખાના ઓસામણમાં સારાં પોષકતત્ત્વો હોય તો સ્વાભાવિક છે કે તે શરીર માટે સારું જ છે. તેમાં કાર્બોહાઈડ્રેટ હોય છે જે શરીરને વધુ ઊર્જા પૂરી પાડે છે. અને જો તમે ઊર્જા અનુભવતા હશો તો તમે આનંદમાં રહેશો. આનાથી તમારો પરિવાર પણ સુખી રહેશે અને તમારા બૉસ કે ધંધો હોય તો તમારા કર્મચારીઓ પણ સુખી રહેશે.

કબજિયાત દૂર કરે છે - ચોખાના ઓસામણમાં રહેલા સારાં એવાં પોષકતત્ત્વોના કારણે તેનાથી પાચકતંત્ર સુધરે છે. પરિણામે કબજિયાત થતી અટકે છે. આપણે ઘણો ખોરાક એવો મને-કમને ખાવો પડતો હોય છે જે પચવામાં મુશ્કેલ હોય છે. પરંતુ ચોખાના ઓસામણના કારણે આ કામ સરળ બનશે.

શરીરનું તાપમાન નિયંત્રિત કરે છે - ચોખાના ઓસામણનો એક ફાયદો એ પણ છે કે તેનાથી શરીરનું તાપમાન નિયંત્રણમાં રહે છે. તેનાથી તાવ દૂર થવામાં મદદ મળે છે. આથી જ આપણા વડવાઓ તાવ વગેરેમાં મગ કે ચોખાના ઓસામણને પીવાની સલાહ કદાચ આપતા હશે.

સ્નાયુબદ્ધ શરીર બને - કયા પુરુષને પોતાનું શરીર સ્નાયુબદ્ધ હોય તે ન ગમે? ચોખાના ઓસામણથી સ્નાયુ કેળવાય છે. આ માટે વ્યક્તિને સામાન્ય રીતે પૈસા ખર્ચીને જિમમાં જવું પડે છે, પરંતુ ચોખાના ઓસામણમાં એમિનો એસિડ રહેલા હોવાથી સ્નાયુ સારા બને છે.

તંદુરસ્ત વાળ બને છે - ચોખાનું ઓસામણ વાળની તંદુરસ્તી પણ સુધારે છે. ઘણાં વર્ષો પહેલાં લોકો શેમ્પૂ અને હેર કન્ડિશનર તરીકે આ ઓસામણનો ઉપયોગ કરતા હતા. તેમાં ઈનોસિટૉલ નામનું કાર્બોહાઈડ્રેટ રહેલું છે જે વાળની લચીલાપણું સુધારે છે. આમ, તેનો ઉપયોગ હેર માસ્ક તરીકે કરવાથી વાળ લાંબા, તંદુરસ્ત અને સુંદર બને છે. ઉપરાંત તે વાળનાં મૂળને પણ મજબૂત કરે છે.

તમારા ચહેરાની રંગત વધારે છે - ચોખાનું કુદરતી ઓસામણ સ્કિન ટોનર તરીકે પણ વાપરી શકાય છે. તેનાથી ચામડી લીસી, દીપ્તિમાન અને તંદુરસ્ત બને છે. તમારા ચહેરા પર તેને રૂના દડા વડે લગાડો જેથી ચહેરા પર લોહીનું પરિભ્રમણ વધશે. તેનાથી એક્ઝીમા નામના રોગની સારવારમાં પણ રાહત મળે છે. એક્ઝીમા એવો રોગ છે જેમાં ત્વચા લાલ બને છે, તેમાં ખંજવાળ આવે છે અને તેમાં તિરાડ પડે છે.

ભારત જીતનો સિલસિલો વર્લ્ડ કપમાં પણ ચાલુ રાખે તેવી આશા રાખીએ

ભારતમાં લોકસભાની ચૂંટણી આડે ઝાઝા મહિના નથી બચ્યા તેથી રાજકીય પક્ષો મચી પડ્યા છે ને એકંદરે કકળાટનો માહોલ છે. રાજકારણીઓને પોતાની વાતો કરતાં બીજાની બદબોઈ કરવામાં વધારે રસ હોય છે તેથી આપણા કાને સાવ હલકી કક્ષાની વાતો વધારે પડે છે. ચા કરતાં કીટલી ગરમ હોય એ હિસાબે રાજકીય પક્ષોના નેતાઓ કરતાં સમર્થકો વધારે જોરથી કૂદાકૂદ કરે છે. નેતાઓને તો પક્ષની આબરૂ જશે એવી ચિંતા હોય છે તેથી એ લોકો તો થોડા ઘણા માપમાં રહે છે પણ સમર્થકોને એવી કોઈ શરમ જ નથી હોતી. તેના કારણે એ લોકો રીતસરનો ગંદવાડ જ ઠાલવતા હોય છે. એકદમ હલકી કક્ષાની કોમેન્ટ્સ દ્વારા છિછરી માનસિકતાનું પ્રદર્શન કરવાની હોડ જ જામી ગઈ છે. પ્રિયંકા ગાંધી રાજકારણમાં આવ્યાં એ પછી ભાજપના સમર્થકોએ તેમને અનુલક્ષીને છપ્પન ઈંચની છાતીને લગતી જે કોમેન્ટ કરી એ તેનો તાજો પુરાવો છે. ભાજપવાળા જ એવું કહે છે એવું નથી. બીજા રાજકીય પક્ષોના કાર્યકરો પણ આવી કોમેન્ટ્સ કરે છે.

આ કોમેન્ટ્સના કારણે માહોલ ખરાબ છે ને કોઈ બાજુથી સારા સમાચાર આવતા જ નથી ત્યારે રવિવારે ભારતીય ક્રિકેટ ટીમે ન્યૂઝીલેન્ડની ધરતી પર વન ડે સીરિઝ જીતીને તાજી હવાની લહેરખી લાવી દીધી. ન્યૂઝીલેન્ડને પહેલી ત્રણ વન ડે મેચમાં હરાવીને સીરિઝ તો પહેલાં જ જીતી લીધી હતી પણ ભારતે અત્યાર લગી વિદેશની ધરતી પર કોઈ સીરિઝમાં આપણે ચાર વન ડે મેચો નહોતા જીત્યા. પહેલી ત્રણ વન ડે મેચોમાં આપણે ન્યૂઝીલેન્ડને કચડી નાંખ્યું તેના કારણે સૌને એવું લાગતું હતું કે આપણે ન્યૂઝીલેન્ડનો સાવ વાઈટવોશ કરીને ઈતિહાસ રચી દઈશું.

ચોથી વન ડેમાં આપણું ૯૨ રનમાં પડીકું થઈ ગયું તેના કારણે એ આશા તો ચકનાચૂર થઈ જ ગયેલી પણ એ છતાં ચાર વન ડે મેચો જીતીને ઈતિહાસ રચવાની આપણી પાસે તક હતી. અલબત્ત ચોથી વન ડે મેચમાં આપણે હારેલા તેના કારણે એ આશા પણ ધૂંધળી લાગતી હતી. રવિવારે સવારના પહોરમાં આપણ ટીમે બેટિંગ શરૂ કરી ને શરૂઆતમાં જે રીતે વરઘોડો કાઢ્યો તેના કારણે એ આશા મરી પરવારી હોય એવું જ લાગતું હતું. આ કડકડતી ઠંડીમાં ઉંઘવાનું સ્વર્ગનું સુખ છોડીને મેચ જોવા ઉઠેલા ને તેમાં આ હાલત થાય એટલે દિલ તો દુઃખે જ. ઘણા ક્રિકેટ રસિયા તો એટલા દુઃખી થઈ ગયેલા કે, મેચ જોવાની પડતી મૂકીને પાછા રજાઈમાં ઘોંટાઈ ગયેલા.

સદનસીબે એ વરઘોડો ચોથી વિકટ પછી અટકી ગયો ને પાછલા બેટ્સમેનને બાજી સંભાળી લીધી તેમાં સતત બીજી વાર આપણી ઈજ્જતનો ફાલુદો થતો અટકી ગયો. અંબાતી રાયુડુએ એક છેડો સાચવીને મક્કમ બેટિંગ કરી ને વચ્ચે વચ્ચે બાઉન્ડ્રી-સિક્સર ઠોકીને રન રેટને પડવા ના દીધો. વિજય શંકર ને કેદાર જાધવે



સ્થિતિની નજાકત સમજીને ઝૂડાઝૂડ કરવાના બદલે શાંતિથી રમવાનું પસંદ કર્યું ને સ્કોરને ૨૦૦ રનને પાર પહોંચાડ્યો પછી હાર્દિક પંડ્યા ફરી વળ્યો. પંડ્યાએ છેલ્લી ઓવરોમાં ન્યૂઝીલેન્ડના બધા બોલરોનો વારો પાડી દીધો પણ એસ્લે તેમાં વધારે હાથે ચડ્યો. એસ્લેની એક ઓવરમાં સળંગ ત્રણ સિક્સર ઠોકીને પંડ્યાએ આક્રમણની શરૂઆત કરી ને પછી બોલ્ટ જેવા અઘરા બોલરને પણ સિક્સર ઠોકી દીધી.

નિશમે ઓગણપચાસમી ઓવરમાં પંડ્યાને આઉટ કર્યો પણ એ પહેલાં નિશમની જ એ ઓવરમાં પંડ્યાએ બે બાઉન્ડ્રી ને એક સિક્સર ઠોકીને આપણા સ્કોરને અઢીસોની લગોલગ લાવી દીધેલો. બોલ્ટે છેલ્લી ઓવરમાં ત્રણ બેટ્સમેનને આઉટ કરીને આપણું પડીકું કરી નાંખ્યું પણ ત્યાં લગીમાં આપણે સન્માનજનક સ્કોરે પહોંચી ગયેલા. ન્યૂઝીલેન્ડની શરૂઆત આપણા જેવી સાવ ખરાબ નહોતી પણ તેમણે નિયમિત અંતરે વિકેટો ગુમાવી. ન્યૂઝીલેન્ડના પૂંછડિયા પણ આપણને ભારે પડ્યા ને ધાર્યા કરતાં વધારે ઝીંક ઝીલી ગયા પણ વધતા રન રેટના કારણે તેમણે છેલ્લે છેલ્લે ઝીંકાઝીંક કર્યા વિના છૂટકો નહોતો. ઠોકાઠોક કરવાની તેમણે શરૂઆત કરી તેમાં વિકેટો પડવા માંડી ને ન્યૂઝીલેન્ડ હારી ગયું.

ભારતીય ક્રિકેટ ટીમે આ સાથે એક મહિનાના ગાળામાં આ બીજી મોટી જીત મેળવી છે. ભારતીય ક્રિકેટ ટીમે પહેલાં ઓસ્ટ્રેલિયાને તેની જ ધરતી પર ટેસ્ટ ને વન ડે સીરિઝમાં હાર આપેલી. ભારત આ પહેલાં કદીય ઓસ્ટ્રેલિયાની ધરતી પર ટેસ્ટ ને વન ડે બંને સીરિઝ નહોતું જીત્યું. વિરાટ કોહલીની ટીમે એ મહેણું ભાંગીને બંને સીરિઝ ૨-૧થી જીતીને ઈતિહાસ રચી દીધો. ન્યૂઝીલેન્ડ ધરતી પર આપણે પહેલાં વન ડે સીરિઝ જીતેલા પણ એક સીરિઝમાં ચાર વન ડે મેચો નહોતા જીત્યા. દુનિયામાં વન ડે મેચો રમવાની શરૂઆત ૧૯૭૩થી થઈ હતી ને ત્યારથી અત્યાર લગી આપણે ઢગલાબંધ વન ડે સીરિઝ વિદેશની ધરતી પર રમ્યા હોઈશું પણ આ સિદ્ધિ નહોતી મેળવી. આ વખતે આ સિદ્ધિ પણ મેળવી લીધી ને બહુ મોટી સિદ્ધિ મેળવી.

આ પ્રકારનો રેકોર્ડ હોય ત્યારે આ બંને દેશોમાં આપણે જીતીએ ને એ પણ પ્રભાવશાળી રીતે જીતીએ ત્યારે તેની અસર ટીમના મોરલ પર પડે જ. આ બંને જીતની અસર પણ ભારતના મોરલ પર પડશે જ ને ભારતીય ટીમ જોરદાર ઉત્સાહમાં હશે. ભારતીય ટીમમાં એ આત્મવિશ્વાસ હશે જ કે, આપણે ઓસ્ટ્રેલિયા ને ન્યૂઝીલેન્ડ જેવી ટીમોને તેની ધરતી પર હરાવી શકતા હોઈએ તો ઈંગ્લેન્ડની ધરતી પર તો તેમને મસળી જ નાંખીએ. ન્યૂઝીલેન્ડ ને ઓસ્ટ્રેલિયાની ટીમો પોતાની ધરતી પર કોઈને ગાંઠતી નથી ને ભલભલી ટીમોને ભૂ પીતી કરી દે છે. તેમને આપણે હરાવી શકતા હોઈએ તો બીજી ટીમોની તો શું વિસાત એવો આત્મવિશ્વાસ પણ તેમનામાં પેદા થશે જ. આ જીતના કારણ બીજી ટીમોમાં પણ ફફડાટ ફેલાયો જ છે ને તેની અસર વર્લ્ડકપ પર પડશે જ.

વર્લ્ડકપ જેવી મોટી ટુર્નામેન્ટ્સમાં મેદાન પર ક્રિકેટના કૌશલ્યની સાથે સાથ માનસિક લડાઈ પણ લડાતી હોય છે. આ માનસિક લડાઈમાં હવે ભારતનો હાથ ઉપર હશે એ કહેવાની જરૂર નથી. ભારત માટે મહત્ત્વની વાત એ છે કે, આપણે આ બંને સીરિઝ કોઈ એક ખેલાડીના જોરે નથી જીત્યા પણ ટીમના પ્રયત્નોથી જીત્યા છીએ. આપણા બેટ્સમેને ધોળકું ધોળ્યું ત્યારે આપણા બોલરો ચાલ્યા છે ને બોલરો ઝૂડાયા હોય ત્યારે બેટ્સમેને સારો દેખાવ કરીને બાજી સંભાળી છે. એકંદરે આપણે બધા વિભાગમાં બહેતર સાબિત થયા ને તેના કારણે જીત્યા છીએ. આ કારણે ન્યૂઝીલેન્ડ ને ઓસ્ટ્રેલિયા જેવી ટીમો આપણી સામે રમવા ઊતરશે ત્યારે તેમના મનમાં આપણા દરેક ખેલાડીથી છૂપો ફફડાટ હશે ને તેનો લાભ આપણને મળશે. ભારતીય ક્રિકેટ ટીમને હવે હળવાશથી લેવાની કોઈ ભૂલ નહીં કરે.

ભારતીય ક્રિકેટ ટીમે હજુ ન્યૂઝીલેન્ડ સામે ત્રણ ટી ૨૦ મેચો રમવાની છે ને એ પછી ઓસ્ટ્રેલિયાની ટીમ અહીં પધરામણી કરશે ત્યારે આપણે તેની સામે વન ડે શ્રેણી રમવાના છીએ. ટૂંકમાં હવે આપણી પાસે આત્મવિશ્વાસ મેળવવા માટે વધારે સમય નથી ને એ પહેલાં જ આપણે જીતીને એ મેળવી લીધો છે. આપણી ટીમે કપિલદેવના નેતૃત્વમાં ઈંગ્લેન્ડમાં ૧૯૮૩માં પહેલી વાર વર્લ્ડકપ જીતેલો, વિરાટની ટીમ ઓસ્ટ્રેલિયા ને ન્યૂઝીલેન્ડની ધરતી પર મેળવેલી જીતનો સિલસિલો ચાલુ રાખીને તેનું પુનરાવર્તન કરે એવી આશા રાખીએ.

કેન્સર જેવી ગંભીર બિમારીઓની સારવાર સસ્તી થશે : નીતિ આયોગ

ન્યુ દિલ્હી

કેન્સરની સારવારને ખૂબ ખર્ચાળ માનવામાં આવે છે. કેન્સરની કીમોથેરેપી અને હાર્મોનલ ડ્રગ થેરપી પર આશરે ૪ લાખ રુપિયા સુધીનો ખર્ચ આવે છે. આમાં સૌથી મોટો ખર્ચ દવાઓનો હોય છે.

ત્યારે નીતિ આયોગ અંતર્ગત એક ઉચ્ચ સ્તરીય સમિતિ બનાવવામાં આવી છે જે નેશનલ લિસ્ટ ઓફ એસેન્શિયલ મેડિસિનથી બહારના ડ્રગ્સની ઓળખ કરશે અને જરુરિયાત હશે તો તેની કિંમત નક્કી કરવાની ભલામણ કરશે. હકીકતમાં દવાઓની કીંમત નક્કી કરવાનો અધિકાર નેશનલ ફાર્માસ્યૂટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી પાસે છે જે એક ઓટોનોમસ બોડી છે. આ નેશનલ લિસ્ટ ઓફ એસેન્શિયલ મેડિસિન અંતર્ગત આવે છે.

નીતિ આયોગના સભ્ય વીકે પોલ અને ડ્રગ્સ એન્ડ હેલ્થ પ્રોડક્ટની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અનુસાર કીંમત નિર્ધારણ લોકોની જરુરિયાત અનુસાર થશે. આમાં કેન્સર જેવી દવાઓનો સમાવેશ થઈ શકે છે. આનાથી ગંભીર બિમારીઓની સારવાર સસ્તી થઈ શકશે.

તેમણે કહ્યું કે તાજેતરમાં ગઠન કરવામાં આવેલી આ સમિતિનો પ્રયત્ન હશે કે દવાઓની પ્રાઈસ કેપમાં સમાનતા હોય. તેમણે સ્પષ્ટ કર્યું કે આવું કરવા પાછળનો ઉદ્દેશ્ય એનપીપીએના પાવરને ઓછો કરવાનો નથી. પોલે કહ્યું કે અમારુ માનવું છે કે એનપીપીએને સ્વતંત્ર અને મજબૂત કરવામાં આવવું જોઈએ. તેમણે કહ્યું કે અમે એનપીપીએને યોગ્ય આઈડિયાઝ આપીશું.

સરકારનું માનવું છે કે એનપીપીએ દવાઓની ઓળખ કરીને તેની કીંમત નક્કી કરવામાં સક્ષમ નથી. સરકારના આંકડાઓ અનુસાર ફાર્માસ્યૂટિકલ કંપની કેન્સર જેવી દવાઓને એમઆરપીથી ૧૪૫૦ રુપિયા મોંઘી વેચવામાં આવી રહી છે.

મમતા બેનર્જી પર બિહારનાં સીએમનું મોટુ નિવેદન

દેશમાં કટુતાનું વાતાવરણ, આચાર સંહિતા પહેલા કંઈ પણ થઈ શકે : નીતીશ કુમાર

પટના



બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે બંગાળમાં સીબીઆઈની તપાસ મુદ્દે મમતા બેનર્જીના ધરણા પર સ્પષ્ટ રીતે કંઈ નથી કહ્યું, પરંતુ તે જરૂર કહ્યું છે કે ચૂંટણી આચાર સંહિતી લાગવામાં હજી એક મહિના અથવા તેનાંથી થોડા વદારે સમયની વાર છે.આ દરમિયાન દેશમાં કંઈ પણ થઈ શકે છે, કારણ કે નેતાઓને હવે માત્ર વોટની ચિંતા છે. દેશની નહી, દેશની ચિંતા કોણ કરે છે?

મુખ્યમંત્રી નીતીશ કુમારને જ્યારે પુછવામાં આવ્યું કે, જો બિહારમાં એવું થાય, તો તેઓ શું કરશે ? જેના જવાબમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, અમે તમને એવા લાગીએ છીએ. અમારી અહીં કોઈ પણ અધિકારી પર દાગ નથી. અમે આવું કામ નથી કરતા. લોક સંવાદ બાદ મુખ્યમંત્રી નીતીશ કુમાર પત્રકારો સાથે ચર્ચા કરી રહ્યા હતા. તેણે કહ્યું કે, દેશની સ્થિતી યોગ્ય નથી. ચૂંટણી નજીક છે, જ્યા સુધી ચૂંટણીની જાહેરાત નથી થઈ જતી અને દેશમાં આચાર સંહિતા લાગુ નથી થતી ત્યા સુધી ગમે તે થઈ શકે છે.

નીતીશે કહ્યું કે, કટુતાનું વાતાવરણ પેદા કરવામાં આવી રહ્યું છે. આગળ પણ આવી ઘટનાઓ બની શકે છે. મુખ્યમંત્રી મમતાના ધરણા અંગે તેમણે જ જવાબ આપવો જોઈએ. આખરે તેઓ આવુ કેમ કરી રહ્યા છે. અમારી આદત જવાબ આપવાની નથી, અમે વ્યવસ્થા અનુસાર કામ કરીએ છીએ. મુખ્યમંત્રીએ કહ્યું કે, આવી ઘનટાઓ તત્કાલીક જ થાય છે, જેમને દેશ અને લોકો પર કોઈ વદારે અસર નથી થતી. લોકો ઘટનાઓને ઝડપથી ભુલી જાય છે, તેમણે આ યાદ પણ નથી રહેતું. બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવા અંગેના સવાલ પર મુખ્યમંત્રીએ કહ્યું કે, કામ કોંગ્રેસનાં સમયનું હોય છે. જો કે સુપ્રીમ કોર્ટે સંવિધાન અનુસાર ચુકાદો આપ્યો, જેની ઘણી વસ્તુઓ બરાબર થઈ ગઈ. હવે એવું થઈ શકે નહી, કારણ કે સુપ્રીમ કોર્ટનાં આદેશ એવા આવતા રહે છે. સીએમએ કહ્યું કે, ૨૦૦૫માં બિહારમાં રાષ્ટ્રપતિ શાસન લગાવાયું હતું. જો કે ત્યાર બાદ સુપ્રીમ કોર્ટમાં શું થયું હતું. કોર્ટની આકરી ટીપ્પણી આવી હતી. નિર્ણયને ખોટો ગણાવાયો હતો, જો કે તે સમયે ચૂંટણીની જાહેરાત થઈ ગઈ હતી. એટલા માટે આ અનુભવ યોગ્ય નથી. પટનામાં રેલી દરમિયાન રાહુલનાં નિવેદન અંગે મુખ્યમંત્રી નીતીશે કહ્યું કે, ચૂંટણી છે, તો રાહુલ કંઈક તો બોલશે જ. પટના યુનિવર્સિટી અંગે તેમને કોઈક જણાવ્યું હશે અને લાગ્યું હશે કે આ સેંટિમેન્ટલ નિર્ણય છે, માટે જાહેરાત કરી દીધી. તેમણે કહ્યું કે, જ્યારે યુપીએ સરકાર હતી ત્યારે શા માટે આ નિર્ણય ન લેવામાં આવ્યો. જ્યારે વડાપ્રધાન મોદી આવ્યા હતા ત્યારે અમે આ મુદ્દો ઉઠાવ્યો હતો. જો કે આ મુદ્દો તેમણે રદ કર્યો હતો, જેથી હવે રાહુલ આ મુદ્દો ઉઠાવી રહ્યા છે.

દેશ ક્રિકેટ નથી, કે રાહુલ ગાંધી ફંટફૂટ પર રમવાની વાત કરે છેઃ શિવરાજ

ભોપાલ

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે સોમવારે રાજયના ૨૯ વિધાનસભા ક્ષેત્રો માટે ડિજિટલ રથોને રવાના કર્યા હતા. આ દરમિયાન તેમણે પાર્ટીના રાજય કાર્યાલયમાં યોજાયેલા સમારોહને સંબોધિત કરતા કહ્યું કે રાહુલ ગાંધી નવા વિવાદો આપી રહ્યા છે, કહી રહ્યા છે, હવે આ આપીશું, હવે તે આપીશું, કહી રહ્યા છે કે, ફન્ટ ફુટ પર રમીશું, દેશ ક્રિકેટ નથી, જે ફંટ ફૂટ પર રમીને છગ્ગા મારવાની વાત કરે છે. '

તેમણે કહ્યું કે અહીં તો મોદી જેવા લોકોની જરૂરિયાત છે, જે સાચા મનથી દેશ સેવા કરે છે, દેશ માટે મહેનત કરે છે. ચૌહાણે રાજયમાં ખેડૂતોની લોન માફીને માત્ર ખોટું વચન ગણાવી કહ્યું કે ચૂંટણી પહેલાં કહેવાયું હતું કે ૧૦ દિવસમાં લોન માફી કરી દેવાશે, જે મુખ્યમંત્રી આમ નહીં કરેશે, તેમને હટાવી દેવામાં આવશે.

નોંધનીય છે કે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રવિવારે પટના ગાંધી મેદાનમાં એક રેલીને સંબોધિત કરી હતી. લગભગ ત્રણ દશકામાં ગાંધી મેદાનમાં પાર્ટીની આ પહેલી જાહેર સભા હતી. સભાને સંબોધિત કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'મેં ઉત્તર પ્રદેશમાં કહ્યું હતું કે કોંગ્રેસ બેકફૂટ પર નહીં રમે, પરંતુ ફંટ ફુટ પર રમશે. તેજસ્વી અને લાલુજી સાથે ફંટ ફૂટ પર રમીને કોંગ્રેસ છગ્ગો મારશે. તેમણે કહ્યું કે રાજયના એક પણ ખેડૂતના ખાતામાં લોન માફીની રકમ ગઈ નથી. ઘણા પ્રકારના રંગોવાળા ફોર્મ ભરવામાં આવી રહ્યા છે, આ રીતે ખેડૂતોને ભ્રમિત કરવામાં આવી રહ્યા છે.

ફેસબુકને ૧૫ વર્ષ પૂર્ણ, વેલ્યુ ૩૪ લાખ કરોડ રૂપિયા થઈ

કેલિફોર્નિયા

વિશ્વભરમાં ૨૩૨ કરોડ યુઝર ધરાવનાર ફેસબુક(એફબી)એ સોમવારે ૧૫ વર્ષ પૂરા કર્યા છે. તેની શરૂઆત કોલેજ સ્ટુડન્ટ્સના નેટવર્કિંગ માટે કરવામાં આવી હતી. ફેસબુક ૩૪ લાખ કરોડ રૂપિયાની કંપની છે. ફેસબુકના લોન્ચિંગના ૨ વર્ષ બાદ યાહુએ તેને ૭૧૦૦ કરોડ રૂપિયામાં ખરીદવાની ઓફર આપી હતી. જોકે એફબીના ફાઉન્ડર માર્ક ઝકરબર્ગને લાગ્યું કે યાહુએ તેનું મુલ્ય ઓછું આંક્યું છે, આ કારણે તેણે ડીલ કરવાથી ઈંકાર કર્યો હતો.

ફેસબુકની હાલની વેલ્યુ આજની યાહુની પેરેન્ટ કંપની વેરિઝોન કોમ્યુનિકેશન્સથી બે ગણી છે. વેરિઝોનની માર્કેટ કેપ ૧૬ લાખ કરોડ રૂપિયા છે. તેણે ૨૦૧૭માં યાહુને ૩૪,૦૮૦ કરોડ રૂપિયામાં ખરીદી લીધી હતી. માર્ક ઝૂકરબર્ગ, ડેસ્ટિન માસ્કોવિટ્ઝ, ક્રિસ હગેસ અને એડુઆર્ડો સેવેરિને હાવર્ડના વિદ્યાર્થીઓ માટે ૪ ફેબ્રુઆરી ૨૦૦૪એ ફેસબુક લોન્ચ કર્યું હતું. એક મહિના બાદ તેની રીચ યેલ, કોલંબિયા અને સ્ટેનફોર્ડના વિદ્યાર્થીઓ સુધી વધારવામાં આવી. ફેસબુક ઝડપથી જ અમેરિકાન કોલેજ કેમ્પસમાં પોપ્યુલર થઈ ગઈ. ફેસબુકને આગળ વધારવા માટે ઝકરબર્ગે હાવર્ડ યુનિવર્સિટીને છોડીને કેલિફોર્નિયાના પાલો અલ્ટોમાં ભાડેથી ઘર લીધું.

સુરત મહાનગરપાલિકાના ૫૫૯૯ કરોડના બજેટ અંગે સ્ટેન્ડિંગ સમિતિમાં સઘન ચર્ચા

બજેટ પર ચર્ચા વિચારણા : કમિશનરે રજૂ કરેલા બજેટમાં શાસકો વધારો-ઘટાડો કરશે

સુરત

મનપા કમિશનર દ્વારા શાસકો સમક્ષ રજૂ કરેલ આગામી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના અંદાજીત ૫૫૯૯ કરોડના તેમજ શિક્ષણ સમિતિના ૪૯૫ કરોડના બજેટ ઉપર આજથી સ્થાયી સમિતિમાં ચર્ચા-વિચારણા શરૂ થઈ છે.

મનપા કમિશનરે એમ. થેન્નારાસન દ્વારા આગામી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે ૫૫૯૯ કરોડનું કરદરમાં કોઈપણ પ્રકારના વધારા વગરનું અંદાજીત બજેટ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું ૪૯૫ કરોડનું બજેટ શાસકો સમક્ષ મંજૂરી માટે રજૂ કર્યુ હતું. કમિશનર દ્વારા રજૂ કરાયેલ બજેટમાં શહેર ભાજપ સંગઠન, પદાધિકારીઓ, સાંસદો, ધારાસભ્યો, કોર્પોરેટરો પાસેથી જરૂરી સુધારા-વધારા મેળવીને આજની સ્થાયી સમિતિમાં બજેટ અંગેની ચર્ચા શરૂ થઈ છે. સ્થાયી સમિતિ અધ્યક્ષ અનિલ ગોપલાણી દ્વારા આજે સવારથી પાલિકા અને સમિતિના બજેટ પર ચર્ચા શરૂ કરી છે. આગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને શાસકો વધારાના લોકોપયોગી પ્રોજેક્ટો મૂકે તેવી શક્યતા છે.





સુરતના લાજપોર જેલમાં બે કેદીઓ ભગવાન રામ અને ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપ્નની પેન્ટીંગ બનાવી છે.

સુરતમાં જુદા જુદા ચાર સ્થળે જુગાર રમતા ૩૧ જુગારી પકડાયા

ભાઠેનામાં જુગાર રમતી મહિલાઓ ઝડપાઈ

સુરત

શહેરમાં ચાર સ્થળે પોલીસે જુગારધારા અન્વયે દરોડા પાડી ૩૧ જુગારીની ધરપકડ કરી રોકડ રકમ સહિત રૂા. ૮૩,૮૯૦ની મતા કબજે કરી હતી.

લીંબાયત પોલીસે નવાનગર પ્લોટ નં. ૧૨૯ બિલ્ડિંગના ધાબા ઉપર જુગાર રમતા મુખ્તાર ખાટીક, મહેશ પાટીલ, અનિકેતન વાસુદેવ, આકાશ સુરેશ, ચેતન છોટુભાઈ, અનિલ મરાઠે, દિપક પાટીલ, વિશાળ ઠાકરે, રાકેશ ડાહ્યા, શાહરૂખ સલીમ, ધર્મેશ બરોડીયા, નિલેશ માલી, સંજય રાવળ, જીતેન્દ્ર રાજેન્દ્ર, મહેન્દ્ર ભગવાનની ધરપકડ કરી રોકડા રૂા. ૨૨,૧૧૦ કબજે કર્યા હતા.

ઉધના પોલીસે સંજયનગર જેટકો પાવર હાઉસ પાછળ ખાડી કિનારે જુગાર રમતા ડેનિશ વિજય રાણા, નયન પટેલ, ભાવેશ પ્રવીણભાઈ, નરેશ રાણાની ધરપકડ કરી રોકડા રૂા. ૧૧,૨૪૦ કબજે કર્યા હતા.

સલાબતપુરા પોલીસે ભાઠેના-૧માં દરોડા પાડી જુગાર રમતા ફિરોજખાન પઠાણ, સરવર ખાન ઉર્ફે બાબુ રઈશ ખાન, સાદીક ઉર્ફે કેસેટ લતીફ શેખ, રૂબીના શેખ, કુલસુમ બીબી દાઉદ, નિલોફર મુલતાની, પ્રિતીબેન નરેશભાઈ, અલીમુન નીશાની ધરપકડ કરી ચાર મોબાઈલ ફોન, રોકડ મળી રૂા. ૪૦,૩૪૦ના મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરોલી પોલીસે ઉત્રાણ રામપાટ પાસે જુગાર રમતા નીતિન દમેલીયા, રિતેષ ટેલર, રહીમખાન રસીદખાન, ગણપત રાઠોડની ધરપકડ કરી રોકડા રૂા. ૧૦,૨૦૦ કબજે કર્યા હતા.

કબૂતર ચોરીની શંકામાં કિશોરની હત્યા કરનાર છોકરાની પોલીસ અટક

ડીંડોલીમાંથી કિશોરનું અપહરણ કરી હત્યા કરાઈ હતી

સુરત

નવાગામ ડીંડોલી રામનગરના કિશોર રાજના અપહરણ કરી એક રૂમથી લઈ જઈ ઘાતકી હત્યા કર્યાની બનેલી ઘટનામાં એક કિશોરની ડીંડોલી પોલીસે અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

ડીંડોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નવાગામ ડીંડોલી રામનગરમાં રહેતા છાયાબેન સુરજ શંકર મોરેનો દીકરો રાજન (ઉ.વ. ૧૩)નાનું અપહરણ થયાંની જાણ ડીંડોલી પોલીસને કરાઈ હતી પોલીસે તપાસ હાથ ધરતા રાજનની હત્યા કરાયેલી લાશ - ભેસ્તાન સ્વપ્નસૃષ્ટિ સોસાયટીની પાછળ એક રૂમમાંથી મળી આવી હતી. ડીંડોલી પોલીસે છાયાબેનની ફરિયાદ નોંધી હત્યાનો ગુનો દાખલ કરી પરિવારે આપેલા શકમંદ કિશોરોની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પોલીસે ડીંડોલીમાં રહેતો ૧૬ વર્ષિય કિશોરની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી હતી. દરમિયાન પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કબૂતર ચોરીનો વહેમ રાખી આરોપી કિશોર મૃતક રાજનનું અપહરણ કરી જઈ હત્યા કરી હતી. ડીંડોલી પોલીસે આરોપી કિશોરની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં બે ડિગ્રી તાપમાન વધતા ઠંડીમાં રાહત

નવસારીમાં ૧૪, વલસાડમાં ૧૫, અને સુરતમાં ૧૭ ડિગ્રી

સુરત

ઉત્તર ભારતમાંથી ફૂંકાતી શીતલહેરની અસર ઓછી થતા દક્ષિણ ગુજરાતમાં ઠંડીથી નજીવી રાહત મળવાની શરૂઆત થઈ છે. આગામી દિવસોમાં તાપમાનમાં વધારો થવાની સાથે શિયાળાની ધીરે ધીરે વિદાય થાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૧.૬ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૭.૬ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૦ ટકા અને હવાનું દબાણ ૧૦૧૬.૭ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૩ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીમાં આજે તાપમાન ૨ ડિગ્રીનો સડસડાટ વધારો થયો છે. આજે સવારથી શહેરના વાતાવરણમાં પલટો આવતા વાદળછાયુ વાતાવરણ છવાતા આગામી દિવસોમાં ગરમી વધે તેવી શક્યતા છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે ન્યુનત્તમ તાપમાન ૧૪.૫ ડિગ્રી નોંધાયું છે. ગતરોજ ન્યુનત્તમ તાપમાન ૧૩.૫ ડિગ્રી નોંધાયું હતું. નવસારીમાં ૧ ડિગ્રીના વધારા સાથે ઠંડીથી નજીવી રાહત મળી છે. વલસાડમાં આજે ન્યુનત્તમ તાપમાન ૧૫.૬ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ સરખામણીએ ૨ ડિગ્રી વધારે છે. આજે દક્ષિણ ગુજરાતના વાદળછાયુ વાતાવરણ વચ્ચે ઠંડીથી રાહત અનુભવાઈ હતી.

લવાછા, મોલવણ અને પીપોદરામાં દારૂના અડ્ડાઓ પર પોલીસના છાપા

દેશી દારૂ વેચતા બુટલેગરો પર ઠેર-ઠેર પોલીસ ત્રાટકી

સુરત

શહેર જિલ્લા પોલીસે ઓલપાડ અને કોસંબા ખાતે દેશી દારૂના અડ્ડાવાળાઓ પર દરોડા પાડ્યા હતા. પોલીસે દરોડા દરમિયાન દેશી દારૂ ૧૫૦૦ રૂા.ની દેશી દારૂની પોટલીઓ ઝડપી પાડી હતી. પોલીસની રેઈડ જોઈને બૂટલેગરો ફરાર થઈ ગયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઓલપાડ તાલુકાના લવાછા ગામની સ્કૂલ પાસે એક બૂટલેગરના ઘરે દરોડા પાડી ૨૪૫ લીટર ગોપલાણીનું રસાયણ કબજે કર્યું હતું. આ સાથે કોસંબાના તરસાડી મોલવણ, નવા પાલોદ તેમજ પીપોદરા ખાતે પણ દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પોલીસેડ મોલવણ ગામ ખાતેથી ૨૦૦ રૂા.નો, નવા પાલોદ ગામ ખાતેથી ૫૨૦ રૂા.નો તથા પીપોદરા ગામ ખાતેથી રૂા. ૧૦૦ની દેશી દારૂની પોટલી કબજે કરી હતી. દરોડા જોઈને બુટલેગરો ફરાર થઈ ગયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

સુરત આરટીઓમાં દ્વિચક્રીય વાહનોના નંબરોની હરાજી થશે

સુરત

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા દ્વિ-ચક્રીય વાહનોના GJ05.SU સિરીઝના ૧ થી ૯૯૯૯ માટેના પસંદગીના નંબરોની ઓનલાઈન હરાજી કરવામાં આવશે. ઓનલાઈન હરાજીની અરજી તા.૧૧/૨/૨૦૧૯થી તા.૧૪/૨/૨૦૧૯ દરમિયાન કરી શકાશે. જેમાં http:/parivahan.gov.in/fancy પર ઓનલાઈન ફોર્મ ભરી રજિસ્ટ્રેશન કરી પસંદગીના નંબરો મેળવવા ઈચ્છુક વાહન માલિકો ભાગ લઈ શકશે. હરાજીનું બિડિંગ તા.૧૪/૧૨/૧૯ ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યાથી તા.૧૫/૨/૨૦૧૯ ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યા સુધી ઓપન થશે.

અરજદારોએ સાત દિવસમાં ઓનલાઈન સી.એન.એ. ફોર્મ સબમિટ કરવાનું રહેશે. જો આ ફોર્મ રજૂ નહિ કર્યું હોય તો નંબરની ફાળવવા કરવામાં નહિ. વાહનના સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિનની અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લઈ શકશે. સમયમર્યાદાની બહારની અરજીઓ રદ કરવામાં આવશે તેમ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરત, પાલ દ્વારા જણાવાયું છે.

વરાછા, ઉધના, લીંબાયત ઝોનમાં ઓછા દબાણથી પાણી આવશે

તા.૬ અને ૭ના રોજ પાણીનો ઉપયોગ કરકસરથી કરવા અપીલ

સુરત

સુરત મહાનગરપાલિકાનાં નિર્માણાધીન ડીંડોલી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા જળવિતરણ મથક ખાતે આવેલ પાઈપલાઈનોના જોડાણની અગત્યની કામગીરી તથા બુધવાર તા.૬-૨-૨૦૧૯ના રોજ હાથ ધરવામાં આવનાર છે. જેથી ઈસ્ટઝોન વરાછા, સાઉથ ઝોન ઉધના તથા સાઉથ ઈસ્ટઝોન લીંબાયત વિસ્તારમાં આવેલ સીમાડા, વાલક, ડીંડોલી, મગોબ, પરવત, ગોડાદરા, વડોદ, જીઆવ, બુડીયા, સોનેરી, ગભેણી, ડુંડી, દીપલી, બમરોલી તથા ઉન વિસ્તારોમાં તા.૬-૨-૨૦૧૯ તથા તા.૭-૨-૨૦૧૯ના રોજ પાણી પુરવઠો અવરોધાય ઓછા પ્રેશરથી, ઓછા જથ્થાથી મળવાની શક્યતા છે. જેની જાહેર જનતાએ નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરિકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યક્ત કરવામાં આવે છે તથા નાગરિકોને સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

૯ વર્ષની બાળકીનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાનો પ્રયાસ

સુરત

ઉધના વિસ્તારમાં ૩ વર્ષની માસૂમ બાળકી સાથે દુષ્કર્મની ઘટના સામે આવી છે. આ મામલે બાળકીના પરિવારજનો દ્વારા ઉધના પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ૩૦ વર્ષીય અજાણ્યા શખ્સ સામે પોક્સો એકટ હેઠળ ગુનો નોંધીને કાર્યવાહી હાથધરી છે. સોમવારે બપોરના સમય બાળકી પોતાના પિતા સાથે ફરી રહી હતા. આ દરમિયાન પિતાની નજર ચૂકવીને અજાણ્યો શખ્સ બાળકીનું અપહરણ કરીને ફરાર થયા હતા. બિસ્કીટ અપાવવાના બહાને શખ્સે બાળકીનુ અપહરણ કરીને દુષ્કર્મનો પ્રયાસ કરાયો હતો. ત્યારબાદ બાળકી ઉધના રેલવેટ્રેક પાસેથી બાળકી બેભાન અવસ્થામાં મળી આવી હતી. જો કે ત્યારબાદ બાળકીને સારવાર માટે તાત્કાલિક અસરથી સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરિવારજનોદ્વારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કર્યા બાદ સુરત સિવિલ હોસ્પિટલમાં બાળકીનું મેડિકલ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.





વાતાવરણ પલટાતાં કેસર સહિત કેરીના પાકને ભારે નુકસાનની ભીતિ

અમદાવાદ

ગુજરાતભરમાં હાલ છેલ્લા ૧૫ દિવસ દરમિયાન વાતાવરણમાં અનેક વાર પલટો આવ્યો છે. જેના કારણે સૌરાષ્ટ્ર અને કચ્છના કેરીના પાકને નુકસાન થવાની ભીતિ સાથે ખેડૂતો ચિંતામાં પડ્યા છે. આ વર્ષે ગીર અને કચ્છમાં કેસર કેરીની મબલખ આવક થવાનાં એંધાણ જોવા મળ્યાં હતાં. ગીર સૌરાષ્ટ્ર અને કચ્છમાં કેસર કેરીના આંબા પર ભરચક મોર બેઠા હતા, પરંતુ ઉત્તર ભારતમાં થયેલી બરફ વર્ષા અને તેને કારણે ગુજરાતમાં પડેલી અસહ્ય ઠંડીએ કેરીના પાકને નુકસાન પહોંચાડ્યું છે.



ગુજરાતના અનેક વિસ્તારમાં દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું હતું અને કચ્છમાં સાધારણ છાંટા પણ પડ્યા હતા. આ વાતાવરણ ખેતી માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. વાદળછાયા વાતાવરણને લીધે જીરું, રાયડો, આંબો, વરિયાળી, અજમા સહિતના પાકોને નુકસાન થઈ શકે છે.

ઠંડા પવનો સાથે બદલાયેલા વાતાવરણને લીધે શિયાળુ પાકને નુકસાન પહોંચી શકે છે. ખેતી નિષ્ણાતો કહે છે કે ઠંડી હવામાં ભેજ સહિતના વારંવાર પલટાતા વાતાવરણના કારણે આંબાના ઝાડ પર કેરીના ફૂલોમાં હોપર મેંગો નામની જીવાત વધી શકે છે.કેરીનાં ફૂલ પણ ખરી શકે છે.

ગીરની કેસર કેરી સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે અને કેરી રસિકોમાં કેસર કેરીની પસંદગી પહેલાં થાય છે. ગીર વિસ્તારને કેસર કેરીનો ગઢ માનવામાં આવે છે. મોટા પ્રમાણમાં ખેડૂતો અહીં કેસર કેરીની બાગાયતી ખેતી કરે છે. આ વર્ષે પણ વાતાવરણની વિપરીત અસરને પગલે કેસરનો પાક ઘટવાની શક્યતા છે.

ગીર અને સૌરાષ્ટ્ર પંથકમાં કેસર કેરીના પાકનું કુલ ૩૭૫૧૭ હેક્ટર વાવેતર છે. સૌરાષ્ટ્રમાંથી દર વર્ષ અંદાજે કેસર કેરીનું ૩ લાખ ૩૪ હજાર ૯૮૪ મેટ્રિક ટન ઉત્પાદન થાય છે. આ વાતાવરણને કારણે આ વર્ષે કેસર કેરીના પાકમાં ૨૦ ટકાનો ઘટાડો આવવાની સંભાવના છે.

માયા બાદ તેનો પ્રેમી પ્રકાશ પકડાયો

માનવ તસ્કરી કેસમાં ઝડપાયેલી માયા ૫૦ યુવતીઓનાં અપહરણ કર્યાની શંકા

અમદાવાદ

શહેરમાં એક માનવ તસ્કરીનો પર્દાફાશ થયો છે. પોલીસે ૧૮ વર્ષીય યુવતીના અપહરણ બાદ તેને વેચી દેવાના મામલે કઠવાડા વિસ્તારમાંથી માયા સથવારા નામની મહિલા અને પ્રકાશ મરાઠી નામના એક વ્યક્તિની ધરપકડ કરી છે. માયા સથવારા નામની આ મહિલાએ અત્યાર સુધીમાં ૫૦ જેટલી છોકરીઓનું અપહરણ કર્યું હોવાની પોલીસને શંકા છે. અમદાવાદમાં અતિચર્ચાસ્પદ બનેલ વિશ્વા અપહરણ કેસમાં તોઈ કડી મળવાની પોલિસને આશા છે.

માયા સથવારા પહેલા અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં આવેલા બ્યુટી પાર્લરમાં કામ કરતી હતી અને તે સોલાપુર વિસ્તારમાં બુટલેગર પ્રકાશ મરાઠી અને માસી નામથી જાણીતી એક મહિલાના સંપર્કમાં આવી હતી. માયા સથવારા આ પહેલા નારોલ વિસ્તારમાં હીરાના કારખાનામાં પણ કામ કરતી હતી. આ પહેલા પણ બુટલેગિંગના કેસમાં માયાની ધરપકડ થઈ ચૂકી છે.

અમદાવાદ પોલીસે ૧૮ વર્ષીય યુવતીના અપહરણ બાદ તેને વેચીવર્ષ ૨૦૧૬માં માયાએ ૧૪ વર્ષથી ૧૮ વર્ષ સુધીની છોકરીઓને ટાર્ગેટ બનાવવાનું શરૂ કર્યું હતું. ડીસીપી સૌરભ તોલંબિયાએ જણાવ્યું કે, 'માયા બે રીક્ષા ડ્રાઇવરની મદદથી છોકરીઓનું અપહરણ કરતી હતી જે બાદ તે છોકરીઓને પ્રકાશ મરાઠીને સોંપતી હતી જેને તે દેશના અલગ-અલગ વિસ્તારમાં વેચી દેતો હતો.' દેવાના મામલે કઠવાડા વિસ્તારમાંથી માયા સથવારા નામની મહિલા અને પ્રકાશ મરાઠી નામના એક વ્યક્તિની ધરપકડ કરી છે.

આહવા માધ્યમિક શાળામાં યોજાયુ પુસ્તક પ્રદર્શન

આહવા

ડાંગ જિલ્લાની સૌથી જુની એવી સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ખાતે તાજેતરમાં પુસ્તક પ્રદર્શન યોજાઈ ગયુ.

શાળામાં અભ્યાસ કરતા માધ્યમિક વિભાગના અંદાજીત ૭૦૦થી વધુ બાળકોએ આ પુસ્તક પ્રદર્શનની મુલાકાત લઈ, શાળાકિય પાઠ્ય પુસ્તકો સિવાયના ઈતર વાંચનના પુસ્તકોનો પરિચય કેળવ્યો હતો. ગ્રંથાલયના નિયમિત વાચકો એવા ૩૦૦થી વધુ નોંધાયેલા બાળ વાચકો, વિદ્યાર્થીઓએ પુસ્તકો લઈને, શાળા સમય બાદ શિષ્ટ વાંચન તરફ લક્ષ કેન્દ્રિત કર્યું છે તેમ જણાવતા ગ્રંથપાલ શ્રી ડી.બી.મોરેએ, આ અગાઉ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મણિલાલ ભૂસારાએ પણ શાળાના ગ્રંથાલયની મુલાકાત લઈ, અહીંથી તેમના વાંચન માટે પુસ્તક લઈને, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા કર્મચારીઓને પ્રેરણા પુરી પાડી છે તેમ જણાવ્યું હતું. પ્રદર્શની દરમિયાન શાળાના ગુજરાતી વિષયના શિક્ષિકા શ્રીમતી અંજના બિરારીએ જીવનમાં સારા પુસ્તકોની ઉપયોગીતા વર્ણવી, બાળ વાચકોને પ્રોત્સાહિત કર્યા હતા. ચિત્ર શિક્ષિકા જાગૃતિ નાયકે પુસ્તક પ્રદર્શનની કાર્ય વ્યવસ્થા સંભાળી હતી. શાળા આચાર્ય શ્રી અમરસિંગ ગાંગોડાના માર્ગદર્શન હેઠળ શ્રી ડી.બી.મોરે દ્વારા પુસ્તક પ્રદર્શનના મુલાકાતીઓને જનક નાયકની વાર્તાઓના પુસ્તકો વિનામૂલ્યે અર્પણ કરાયા હતા.

સ્વચ્છ ભારત મિશન સંદર્ભે સુંદર શૌચાલય સ્પર્ધા યોજાઈ

નવસારી

પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય ભારત સરકાર સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ અંતર્ગત સમગ્ર દેશમાં સ્વચ્છ સુંદર શૌચાલય હરિફાઈનું ઝુંબેશરૂપે આયોજન કરવામાં આવ્યું છે. આ ઝુંબેશમાં સ્વચ્છ સુંદર શૌચાલય હરિફાઇ હેઠળ નવસારી જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં રંગીન શૌચાલઈ તૈયાર કરવા માટે વ્યક્તિગત ઘરોમાં સૌથી સર્જનાત્મક રીતે શણગારવાની હરિફાઇ ગત માસે દરમિયાન યોજાઈ હતી. શૌચાલય શણગાર હરિફાઇ ઝુંબેશમાં શૌચાલયોની સ્વચ્છતા, હાથ ધોવાની સુવિધાઓ સહિત આજુબાજુમાં પણ સ્વચ્છતાને ધ્યાનમાં લઇ જિલ્લાકક્ષાએ નિર્ણાયક સમિતિ ધ્વારા નવસારી જિલ્લાના ત્રણ ગામના પાંચ શૌચાલયો પસંદગી પામી છે. જે હવે પછી રાજ્યકક્ષાએ મોકલી આપેલ છે. જેની રાજ્યકક્ષાએ પસંદગી સમિતિ ધ્વારા નિર્ણય લઇ પસંદ કરાશે.

સૂરત શહર के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट, एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट, पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार, ब्राइट बार, पाईप एवं लोहे की प्रत्येक आइटम के 45 वर्ष से विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

TEXMO
Aqua Group
TEXMO
AQUATEX
कोईम्बतुरની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ ₹.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, પેદ્દુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઇટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
Madhivala LINIMENT
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ કવોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
ફુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ • E-mail : info@mugatlalbsons.com

મનપા ક્લાર્ક ભરતીના ઉમેદવારોની પ્રતિક્ષા યાદી મુદ્દત લંબાવવા માંગણી

લાલ વાવટા યુનિયને મેયરને પત્ર લખ્યો

સુરત

સુરત મનપાની ત્રીજી શ્રેણી ક્લાર્કની ભરતીના બાકી રહી ગયેલા ૩૩૫ ઉમેદવારોની પ્રતિક્ષા યાદીની મુદ્દત લંબાવવા સુરત મનપા લાલ વાવટા યુનિયનના પ્રમુખ વિજય શેણમારેએ મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન તથા મ્યુનિ. કમિશનરને પત્ર પાઠવી માંગણી કરી છે.

યુનિયને આપેલ પત્રમાં જણાવેલ છે કે સુરત મહાનગરપાલિકાની કોડ-૭૦૧ ત્રીજી શ્રેણી ક્લાર્કની ભરતી કરવા બાબત તા.૧૪-૫-૨૦૧૩ના રોજ જાહેરાત આપવામાં આવી હતી. જે સંદર્ભે રીક્રુટમેન્ટની લાંબી પ્રક્રિયા બાદ સુરત મનપા તરફથી તા.૧૩-૧૨-૨૦૧૬ના રોજ પ્રતિક્ષા યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ પ્રતિક્ષા યાદીની મુદ્દત પ્રસિદ્ધ થયાની તારીખથી બે વર્ષની રહેશે તેવુ જાહેર કરવામાં આવેલ હતું. આ પ્રતિક્ષા યાદી તા.૧૪-૧૨-૨૦૧૮ના રોજ બે વર્ષ પૂર્ણ થતા મુદ્દત સમય પૂરો થઈ ગયેલ છે. પરંતુ જાહેર કરેલ પ્રતિક્ષા યાદીમાંથી આશરે ૩૩૫ જેટલા ઉમેદવારોની નિમણૂંક બાકી રહી ગયેલા છે. જેથી આ પ્રતિક્ષા યાદીને ઓછામાં ઓછા એક વર્ષ માટે લંબાવવામાં તથા બાકી રહી ગયેલા આશરે ૩૩૫ જેટલા ઉમેદવારોને નિમણૂંક આપવા વિનંતી કરવામાં આવી છે.

ભૂતકાળમાં સુરત મનપાએ એક્ઝીક્યુટીવ એન્જિનિયરોની તથા પ્રાયમરી હેલ્થ વર્કરોની પ્રતિક્ષા યાદીની મુદ્દત લંબાવવામાં આવેલી હતી. ઉમેદવારોની નિમણૂંક બાબતે સુરત મનપા તરફથી બીજી જાહેરાત આપવામાં ન આવે ત્યાં સુધી અગાઉની પ્રતિક્ષા યાદી ચાલુ રાખી શકાય છે.

ડાંગ જિલ્લામાં સ્પર્ધાત્મક પરીક્ષા અંગે તાલીમ વર્ગો

આહવા

ડાંગ જિલ્લાના અનુસૂચિત જનજાતિના યુવક/યુવતિઓ માટે આગામી સમયમાં યોજનારી પોલીસ, લશ્કર અને અર્ધલશ્કરી દળ સહિતની બી.એસ.એફ., આર.એ.એફ., સી.આ.ર.પી.એ ફ., સી.આઇ.એસ.એફ. જેવી ભરતી પરીક્ષાઓ માટેના ૩૦ દિવસના નિઃશુલ્ક હેતુલક્ષી તાલીમ વર્ગનું આયોજન કરવાનું વિચારણા હેઠળ છે.

ડાંગ પોલીસ દ્વારા આયોજિત આ તાલીમ વર્ગમાં જોડાવા ઇચ્છતા ડાંગ જિલ્લાના ધોરણ-૧૨ પાસ અનુસૂચિત જનજાતિના ઉમેદવારોએ તા.૫/૨/૨૦૧૯ થી તા.૧૦/૨/૨૦૧૯ દરમિયાન આ અંગેનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. નિઃશુલ્ક ચા, નાસ્તા, ભોજન અને નિવાસની સગવડ સાથેની આ તાલીમની વધુ માહિતી કે માર્ગદર્શન માટે નાયબ પોલીસ અધિક્ષકની કચેરી, એસ.સી./એસ.ટી. સેલ, આહવા, જિ.ડાંગનો સંપર્ક સાધવા જણાવાયું છે. એસ.સી./એસ.ટી.સેલના નાયબ પોલીસ અધિક્ષક શ્રી ડી.આર.પટેલ તરફથી મળેલી એક અખબારી યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર તાલીમ મેળવવા ઇચ્છુક ઉમેદવારો વેબસાઇટ dysp-stsccell-dang તથા મોબાઇલ નંબર : ૯૮૨૫૦ ૦૪૫૪૦ અને ૯૪૨૯૭ ૦૦૧૬૫ ઉપર પણ સંપર્ક કરી શકે છે.

વિચિત્ર ઘટના: આપમેળે કપડા-રૂપિયા ફાટતા લોકોમાં ભય ફેલાયો



સુરત

સુરતના વેડરોડ વિસ્તારમા એક અજીબોગરીબ અને વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. અહી છેલ્લા પાચ વર્ષથી ચાવડા પરિવાર રહે છે. જેમા મનસુખભાઈ, ભાનુભાઈ તથા તેમનો પૌત્ર હાર્દિક રહે છે. જો કે છેલલા ચાર મહિનાથી ઘરની અંદર રાખેલા કપડા એની જાતે ફાટી જાય છે. ઘરના તમામ સભ્યોના કપડા ફાટી જાય છે. ઘરમા મૂકેલી ઘંટીના વાયરના ટુકડા થઈ જાય છે. આ ઉપરાંત મંદિરમા મુકેલા રૂપિયાના પણ ટુકડા થઈ જાય છે. આટલુ ઓછુ હોય તેમ તેમના પૌત્ર હાર્દિક સ્કુલેથી આવે એટલે તુંરત જ તેના ગણવેશ ફાટી જાય છે તથા શરીર પણ ઉઝરડા પડી જતા હોવાની ઘટના સામે આવી છે.આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમા ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ચાવડા પરિવારે આ વાત જણાવતા પહેલા તો આડોશી-પાડોશીઓએ તેમની વાતનો વિશ્વાસ કર્યો ન હતો. આ ઘટનાની જાણ જયારે સ્કુલના સંચાલકોને થઈ ત્યારે તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા. તેઓ પણ હાર્દિકના ઘરે ગયા હતા ત્યા તપાસ કરી હતી. જો કે તેમને કંઇ ખાસ જણાયુ ન હતુ. જો કે બાદમા એવુ બનતુ હતુ કે હાર્દિક સ્કુલેથી ઘરે જાય એ દરમિયાન તેના કપડા ફાટી જતા અને તેના શરીરે ઉઝરડા પડી જતા હતા.

આ વાતની પુષ્ટિ કરવા તેઓએ પોતે પોતાના કપડા આ ઘરમા મૂકશે તથા રૂપિયા પણ મંદિરમા મૂકશે તેવું જણાવ્યું છે. આ ઉપરાંત ઘરમાં સીસીટીવી કેમેરા ગોઠવણ કરી સમગ્ર ઘટના પર નજર રાખવામા આવશે.

આ સમગ્ર ઘટના હાલ તો અંધશ્રદ્ધાથી જોવાઇ રહી છે. હવે સત્ય શોધક સમાજ દ્વારા ઘટનાની તપાસ હાથ ધરશે ત્યારે દૂધનુ દૂધ અને પાણીનું પાણી થઈ જશે.

વીર નર્મદ યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય યુવા સંસદ ઉત્સવ યોજાયો

સંસદની ગરિમાને ઉજાગર કરતા મહોત્સવમાં યુવાઓએ ઉત્સાહભેર ભાગ લીધો

સુરત

રાષ્ટ્રીય સેવા યોજના(NSS) અંતર્ગત ૧૮ થી ૨૫ વર્ષના યુવાઓને વિવિધ મુદ્દાઓ પર પોતાના વિચારો રજૂ કરવા માટેની તક પૂરી પાડવા રાષ્ટ્રીય યુવા સંસદ મહોત્સવ-૨૦૧૯ નું આયોજન વીર નર્મદ યુનિવર્સીટી કેમ્પસમાં કરવામાં આવ્યું હતું.

સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ તથા કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુમાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં યુથ પાર્લામેન્ટ વિશે રાષ્ટ્રીય સેવા યોજનાનાં પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડૉ.ભરત ઠાકોરે વિસ્તૃત ભૂમિકા બાંધી હતી. શ્રીમતી દર્શનાબેન જરદોશે યુવાઓને સંસદની કાર્યપ્રણાલી, પ્રશ્નોત્તરી અને ચર્ચાસત્ર જેવા મુદ્દાઓ અંગે માહિતગાર કર્યા હતા. ઉપરાંત તેમણે સાંસદ તરીકેના જાતઅનુભવો વિદ્યાર્થીઓ સમક્ષ વર્ણવ્યા હતા. કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુમાએ અમેરિકા, ઈંગ્લેન્ડ અને ભારતનાં પાર્લામેન્ટ હાઉસના દ્રષ્ટાંત, સંસદની મૂળભૂત કામગીરી અને ભારતની લોકતાંત્રિક પૃષ્ઠભૂમિકા વિશે વિસ્તૃત વિગતો આપી હતી.

રાષ્ટ્રીય યુવા સંસદ મહોત્સવ-૨૦૧૯ માં મોટી સંખ્યામાં ભાગ લેનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ અલગ-અલગ વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. જે પૈકી જયુરી મેમ્બરોએ પાંચ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને વિજેતા જાહેર કરી તેમના ગુણાંક મુજબ રેન્ક આપ્યા હતા. જેમાં પ્રથમ ક્રમ નિરૂપમ અગ્રવાલ, દ્રિતીય ક્રમ કરિશ્મા કાનેરીયા, તૃતીયા ક્રમ જીનાલી બગડિયા, ચોથા ક્રમે પ્રાચી સિંઘી અને પાંચમાં ક્રમે વિશાલ ચૌધરીની પસંદગી થઈ હતી. ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને પાંચ વિજેતાઓને યોગ્યતા પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. રઈશા ઉસ્માનીએ કર્યું હતું.

સેન્ટ્રલ ઝોને સગરામપુરામાં ગેરકાયદે બાંધકામ તોડી પડાયું

ડીમોલેશન પેટે રૂ.૨૦ હજારનો ચાર્જ વસૂલાયો

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનર અને કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૨ સગરામપુરા નોંધ નં.૪૨૧૬/અ અને ૪૨૧૬/બ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ચંપકલાલ છગનલાલ જરીવાલા દ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨-૨-૨૦૧૯નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાના સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સિક્યોરિટી સ્ટાફની મદદથી ડીમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળે આશરે ૨૧૦૦ ચો.ફુટ આર.સી.સી. કોલમ, સેન્ટરિંગ, શટરિંગ દૂર કરવામાં આવેલ છે. સદર મિલ્કતમાં ડીમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂ.૨૦,૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે.

પ્રિયંકા ગાંધી સંદર્ભે અભદ્ર ટિપ્પણી કરનાર સામે મહિલા કોંગ્રેસનો મોરચો

સુરત

કોંગ્રેસ પક્ષના જનરલ સેક્રેટરી તરીકે નિયુક્ત થયેલા પ્રિયંકા ગાંધી વિશે અભદ્ર ટિપ્પણી કરનારા અજાણ્યા શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માગ સાથે સુરત શહેર મહિલા કોંગ્રેસ પો. કમિ. સતીષ શર્માને આવેદનપત્ર આપી ઉગ્ર રજૂઆત કરી હતી.

સુરત શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ છાયાબેન ઠાકુરે જણાવ્યું હતું કે, પ્રિયંકા ગાંધી સક્રિય રાજકારણમાં જોડાતા તેઓની વિશે અભદ્ર ટિપ્પણીઓ કરવામાં આવી હતી. મહિલા સશિક્તકરણની પોકળ વાતો કરનારી એક મહિલાનું સમ્માન પણ જાળવી શક્યતા નહીં અને મહિલા ચારિત્ર્ય ઉપર કોમેન્ટો કરવામાં આવી હતી. જે ખૂબ જ નિંદનીય બાબત છે. આ અંગે દેશભરમાં કોંગ્રેસ પક્ષની મહિલા પાંખે દેખાવો કરી સ્થાનિક પોલીસ અધિકારીને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું અને આવા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી હતી.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in

આ MARKET4U ની વેલ્યુએડ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. તમને ઇચ્છુક નોકરી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની સેવાનું વ્યાપક ધોરણે પ્રસારણ કરવામાં

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

(PLAN - A)

LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-

માત્ર ૫૫૦/-માં PLAN - A

(PLAN - B)

LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

માત્ર ૩૦૦૦/-માં PLAN - B

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશેષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ

Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.

લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	ડીપ્લોમા ઓફ સાયન્સ ઈન નર્સિંગ (ડી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓને એડમીશન લીધે ઓછામાંઓછા ત્રણ તે લીધા તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવો. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને અપીડેમ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર ફ્રીમાં ટ્યુશન ફી ભરવામાં આવશે અને ફી રીફંડ કરી આપવામાં આવશે
- જાહેર સ્કોલરશીપ લીધે ઉપલબ્ધ કરાવી આપવામાં આવશે
- એક જ વિદ્યાલયમાં ૩૫ વર્ષથી વધારે ઉંમર ધરાવતાં એક્ટરમાં ૩૦૦ પથારી ધરાવતી કોર્પોરેટ હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્પિટલ ખાતેની તક આપવી
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી વિદ્વાનો દ્વારા અલગ-અલગ વિષયો ક્લાસ રૂમ અને સુરક્ષા વ્યવસ્થાની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, જુદા જુદા ટેમ્પ્રા ક્રીમ પ્રમાણની સુવિધા ટેમ્પરા ૨૦-૨૦૦૦ સીકયુરીટીની સુવિધા
- જુદા જુદા ખાતે હોમ પોતાના ખાતા પ્રમાણેજ કામે આવી ગયેલ પહેલા તે પહેલાના ધોરણે પેમેન્ટ મેળવી લઇશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





રાજપીપળા શહેરમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા દવાખાના દર્દીઓથી ઉભરાયા

રાજપીપળા સિવિલમાં રોજ ૨૦૦ થી ૨૫૦ની ઓપીડીના બદલે આજે સોમવારે એક જ દિવસે ૪૫૦ કેશ નોંધાયા જેમાં મોટાભાગના વાયરલ ઈન્ફેક્સનના દર્દીઓ



રાજપીપળા : રાજપીપળા સહીત નર્મદા જિલ્લામાં સોમવારે અચાનક બેવડી ઋતુ જોવા મળી જેમાં મોટાભાગ લોકો વાયરલ ના શિકાર બન્યા જેના કારણે સરકારી સહીત ખાનગી દવાખાનાઓમાં દર્દીઓની ભારે ભીડ રહી હતી.

સોમવારે રાજપીપળા શહેરમાં સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું સાથે સૂર્યદેવની આવન જાવન પણ ચાલુ રહેતા ઠંડી અને ગરમી ની બેવડી ઋતુ ના આ ચક્રવ્યૂહ ના કારણે લોકો બીમારી નો ભોગ બન્યા જેમાં ખાસ કરી શરદી ખાંસી અને તાવના દર્દીઓની વધુ સંખ્યા રહી આમઓ રાજપીપળા સિવિલમાં રોજિંદી ૨૦૦ થી ૨૫૦ દર્દીઓની ઓપીડી જોવા મળે છે જે આજે સોમવારે અચાનક વાતાવરણમાં પલટો આવતા ઓપીડી સીધી ૪૫૦ પર પોહચી હતી એજ રીતે સિવિલની સાથે સાથે ખાનગી દવાખાનાઓમાં પણ દર્દીઓની ભીડ રહી હતી શિયાળા અને ઉનાળાની આ બેવડી ઋતુના કારણે લોકો બીમારીમાં સપડાતા દવાખાના ચિક્કાર રહ્યા હતા.

નર્મદાની ગરૂડેશ્વર અને તિલકવાડા એકલવ્ય મોડેલ સ્કૂલને ૧૦૦% પરિણામ બદલ મુખ્યમંત્રી દ્વારા એવોર્ડ

ગરૂડેશ્વરની એકલવ્ય મોડેલ સ્કૂલ નાંદોદનું ધો-૧૦ માં ૧૦૦% પરિણામ,જ્યારે તિલકવાડાની મહાત્મા ગાંધી ગ્લોબલ ઈન્ડિયન એકલવ્ય સ્કૂલ ધો-૧૦ અને ૧૨માં જિલ્લામાં પ્રથમ





રાજપીપળા :ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને હસ્તે દાહોદમાં ગત ૩/૨/૨૦૧૯ના રોજ ત્રિ-દિવસીય રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ ૨૦૧૯ ખુલ્લો મુકાયો હતો.કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં કેન્દ્રીય આદિજાતિ મંત્રી જશવંતસિંહ ભાભોર, ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી ગણપતસિંહ વસાવા, રાજ્ય મંત્રી બચુ ખાબડ, રમત ગમત અને સાંસ્કૃતિક મંત્રી ઈશ્વર પટેલ સહિત મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભમાં નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના આવેલી એકલવ્ય મોડલ રેસિડેન્સીયલ સ્કૂલ નાંદોદને ધો-૧૦ માં ૧૦૦% પરિણામ બદલ અને તિલકવાડા તાલુકાની મહાત્મા ગાંધી ગ્લોબલ ઈન્ડિયન એકલવ્ય સ્કૂલ ધો-૧૦માં અને ધો-૧૨ સામાન્ય પ્રવાહ અને વાણિજ્ય પ્રવાહમાં ૧૦૦% પરિણામ સાથે જિલ્લામાં પ્રથમ આવતા મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે એવોર્ડ એનાયત કરાયો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ગરૂડેશ્વરના ગોરાની એકલવ્ય મોડલ રેસિડેન્સીયલ સ્કૂલ નાંદોદના આચાર્ય રાકેશ.એમ.લકુમને અને તિલકવાડાની મહાત્મા ગાંધી ગ્લોબલ ઈન્ડિયન એકલવ્ય સ્કૂલના આચાર્ય વિમલ. સી.મેહતાને પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરાઈ હતી.

લીંબાયત ઝોનમાં સુરત મહાનગર પાલિકાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

નાગરિકોના પ્રશ્નોનો ઘર આંગણે નિકાલ કરાય રહ્યો છે : મેયર

સુરત

પ્રજાની લાગણી અને માંગણીઓને પરિપૂર્ણ કરતો સેવાનો પરમાર્થ સમો સેવા સેતુ કાર્યક્રમ આજરોજ મેયરશ્રી જગદીશ પટેલના અધ્યક્ષસ્થાને લિંબાયત વિસ્તારના પરવટ ગામ કોમ્યુનિટી હોલ ખાતે યોજાયો હતો.

આ વેળાએ મેયરશ્રીએ જણાવ્યું હતું કે, નાગરિકોની રજુઆતનો ઘર આંગણે ઉકેલ લાવીને પારદર્શી પ્રશાસનની પ્રતીતિ કરાવનારા સેવા સેતુના માધ્યમથી લાખો અરજદારોની અરજીઓને સ્થળ પર નિકાલ કરવામાં આવે છે. જેમ ભગવાન રામચંદ્રજીએ માતા સીતાને મુકત કરવા માટે સમુદ્ર પર સેતુ બનાવ્યો હતો તેમ રાજય સરકારના આ સેવા સેતુના કાર્યક્રમથી સરકારની કચેરીઓ સામેથી ઘર આંગણે આવીને સેવાઓ પુરી પાડે છે. મેયરશ્રીએ કહ્યું કે, કોઈ ગંભીર બિમારીના સમયે આર્શીવાદરૂપ એવા મા કાર્ડને પાત્રતા ધરાવતા જરૂરમંદોએ બનાવી લેવાનો અનુરોધ મેયરશ્રીએ કર્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતિ સંગીતાબેન પાટીલે જણાવ્યું કે, ગરીબ અને મધ્યમવર્ગના લોકોને સરકારી કચેરીઓના ધક્કાઓ ખાવામાંથી આ સેવા સેતુએ મુકિત અપાવી છે જેનો હજારોની સંખ્યામાં લાભાર્થીઓ લાભ લઈ રહ્યા છે.

આ વેળાએ ધારાસભ્ય સર્વશ્રી વિવેકભાઈ પટેલ, પ્રવિણભાઈ ધોધારી, શાસકપક્ષના નેતાશ્રી ગીરજાશંકર મિશ્રા, મ્યુ. કમિશનરશ્રી એમ.થૈન્નારસન તેમજ મોટી સંખ્યામાં અરજદારો ઉપસ્થિત રહ્યા હતા. નોધનીય છે કે, મહાનગરપાલિકાના પ્રથમ તબક્કામાં વોર્ડ વાઈઝ ૨૯ સેવા સતુ કાર્યક્રમમાં ૬૫,૪૦૨ લાભાર્થીઓએ લાભ લિધો હતા. આવી જ રીતે ચાર તબક્કામાં ૫૭ સેવા સેતુમાં કુલ ૧,૨૪,૬૨૩ જરૂરમંદોએ રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોથી લાભાન્વિત કરાયા છે.

સુરત જિલ્લા હોમગાર્ડઝમાં પ્લાટુન કમાન્ડર રેકમાં બઢતી મળી



ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે એડવોકેટ રાજેશ નાગજીભાઈ દુધાત વરાછા બી ઝોનમાં ૨૦૦૪ થી નિષ્કામ સેવા આપતા ૨૦૧૬ માં પ્લાટુન કમાન્ડર ની રેક ટેસ્ટ ઉર્તીણ કરી હતી. અને હજુ પણ માનવતા વાદી સેવા કાર્યો કરશે. જે સંદર્ભે તા. ૦૩/૦૨/૨૦૧૯ ની પરેડ દરમિયાન જિલ્લા કમાન્ડન્ટ ડો. પ્રફુલભાઈ શિરોયા તથા ઝોન ઓફિસર કમાન્મિ જે.આર.રામન ના હસ્તે તેઓને રંક પહેરાવી અભિનંદન પાઠવ્યા હતા. સાથે એન.સી.ઓ. ડી.બી. દેવરે, વી.ઝેડ. રાઠોડ,અને એસ.ઢી. લોનારી હાજર રહયા હતા.

જય અંબે ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ કાર્યક્રમ ઉર્જા યોજાયો

ભરુચ ખાતે રવિવારના રોજ જય અંબે ઈન્ટરનેશનલ સ્કૂલના શિક્ષકો, વિદ્યાર્થીયો, ટ્રસ્ટીઓ અને વાલીયોના અનોખા સમન્વયને સાર્થક કરતો એક અદ્દભૂત વાર્ષિકોત્સવ યોજાયો હતો.

જેમાં વિદ્યાર્થીઓની અનોખી પ્રતિભા જોવા મળી હતી ભરુચના ઈતિહાસમાં પ્રથમ વાર કરાયેલા આ અનોખા વાર્ષિકોત્સવમાં જય અંબે ઈન્ટરનેશનલ સ્કૂલના ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, અને આ વાર્ષિકોત્સવ માં અનોખી વાત એ રહી હતી કે શાળાના વિદ્યાર્થીઓના વાલીઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

શાળાના ચેરમેન એમ.એસ.જોલી એ જણાવ્યુ હતું કે, જ્ઞાન સાથે પ્રતિભાઓ પણ બહાર લાવવાનું કાર્ય આ શાળા દ્વારા કરવામાં આવે છે એમણે ઉમેર્યું હતું કે અમે આ શાળા ને એક મોડેલ શાળા બનાવવામાં માંગીએ છીએ જેમાં પ્રતિભાઓ નું સન્માન કરવામાં આવે, અમે દેશ ને જ્ઞાન સાથે પ્રતિભાઓ પણ પ્રદાન કરીશું જે દેશ ને વિવિધતાઓથી ભરેલું બનાવશે,હજારો સંખ્યા માં ઉમટેલી જનમેદનીએ શાળાના કાર્યક્રમ ને મોડે સુધી નિહાળ્યું હતું જેમાં દેશપ્રેમ, મનોરંજન, અને તમામ વિદ્યાર્થીઓને એક અલગ પ્રેરણા મળે એવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ભરૂચના સાંસદ મનસુખ વસાવા,ધારાસભ્ય દુષ્યંત પટેલ, ભાજપા અગ્રણી મારુતિસિંહ આટોદરિયા, કોંગ્રેસ અગ્રણી સંદીપ માંગરોલા, રીટાયર્ડ ACP કૌશિક પંડ્યા, તેમજ યોગેશ પરિક અને જય અંબે શાળાના ચેરમેન એમ.એસ. જોલી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કેટલ ફાર્મમાં વીજળીનો કરંટ લાગતા યુવકનું મોત

કડોદરા

પલસાણા તાલુકાના વરેલીમાં ગૌશાળામાં રહેતો એક યુવાનનું ગઈકાલે સાંજે કે જે કેટલ ફાર્મમાં ઈલેકટ્રીક મશીનમાં ચારો કપચી વખતે ઈલેકટ્રીક કરંટ લાગતા તેનું મોત નીપજ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ રાજસ્થાનના વતની અને વરેલી ઐશ્વર્યા મિલની સામે કે.જે. કેટલ ફાર્મમાં આવેલ ગૌશાળામાં રહેતા પીશખાન સીધલ ખાન ઉ..વ. ૨૨ નામના યુવાન ગઈકાલે ગાયો માટે ઈલેકટ્રીક કટર મશીનમાં ચારો કાપવાનું કામ કરતા હતા ચારે અચાનક ઈલેકટ્રીક કરંટ લાગતા તેમનું મરણ થયેલ હતું. બનાવ અંગે પોલીસે અકસ્માત મોત દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

અપહરણ કરનાર આરોપીને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ યુડાસમાએ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા અંગે આપેલ સુચના તથા એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર જે.એન.ઝાલાનાઓના માર્ગદર્શન મુજબ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને હસ્તગત કરવા તથા મિસીંગ ગુમ વ્યક્તિઓ શોધી કાઢવા અંગે અવાર નવાર ડ્રાઇવો રાખી ટીમ બનાવી ચક્રો ગતિમાન કરેલ જે પૈકી પોસઈ એ.એસ.ચૌહાણ તથા પોસઈ વાય.જી. ગઢવીની ટીમ દ્વારા અંકલેશ્વર શહેર પો.સ્ટે. ગુ.ર.નં ૧૧/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬ મુજબના કામે મિસિંગ અપહ્યત બાળકીને તથા તેનુ અપહરણ કરનાર આરોપી દિપકભાઈ શાંતુભાઈ વસાવા હાલ રહે.માંડવા ગામની સીમમાં તા. અંકલેશ્વર જી.ભરૂચ મુળ રહે. બી/૩ સરકફુદીન (જળકુંડવાળુ) નિશાળ ફળીયુ,જી. ભરૂચનાઓને પકડી પાડેલ છે અને આગળની વધુ તપાસ તથા કાર્યવાહી માટે અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશનમાં સોપવામાં આવેલ છે.

એરપોર્ટ રનવે વિસ્તરણને નડતરરૂપ ગેસલાઈન વિષે ઓએનજીસીને કોઈ રસ નહિ..!!

સુરત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૦મી જાન્યુઆરીએ કરેલા ઈન્ટરનેશનલ એરપોર્ટના ખાતમુહૂર્ત બાદ વિસ્તરણની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જો કે, રનવેના વિસ્તરણને નડતરરૂપ ગેસ પાઈપલાઈન મામલે ઓએનજીસી કોઈ રસ ન દાખવતી હોવાનું સામે આવી રહ્યું છે. એક આરટીઆઈમાં પણ ઓએનજીસીએ પાઈપલાઈનથી લઈને કોઈ પણ મુદ્દે જવાબ આપવાનો ઈનકાર કરી દીધો છે. એરપોર્ટના વિકાસ માટે મહત્વના ગણાતા રનવે ૦૪ના વિસ્તરણ માટે નડતરરૂપ ઓએનજીસીની ગેસ લાઈન મુદ્દેનિરાકરણ લાવવું આવશ્યક હોવા છતાંય ઓએનજીસીના પેટનું પાણી હલતું નથી.

છેલ્લા ૬ મહિનાથી ગાજી રહેલા આ મુદ્દા પ્રત્યે ઓએનજીસી ઉદાસીન વલણ દાખવી રહી છે. છેલ્લા ૬ મહિનામાં ઓએનજીસી દ્વારા કોઈ પણ સરકારી વિભાગ સાથે ચર્ચા જ કરવામાં આવી નથી, આટલું જ નહિ પણ ઓએનજીસીના અધિકારીઓએ આ બાબતે કોઈ સત્તાવાર આંતરિક ચર્ચા પણ કરી નથી. ઓએનજીસીએ એક આરટીઆઈના જવાબમાં સ્પષ્ટતા કરી છે કે રનવેને નડતરરૂપ ગેસ પાઈપલાઈન મામલે સરકારી સ્તરે કોઈ પત્રવ્યવહાર કે વાર્તાલાપ કરાયો નથી.

પેટ્રોલિયમ અને નેચરલગેસ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન થોડા દિવસો અગાઉ સુરતમાં એક કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા. મંત્રી સાથે રનવેને નડતરરૂપ ગેસ પાઈપલાઈનનો મુદ્દો પણ ચર્ચવામાં આવ્યો હતો. જોકે ઓએનજીસીના સીએમડી શશી શંકર સાથે ગેસ પાઈપલાઈન મામલે કોઈ સત્તાવાર ચર્ચા કરવામાં આવી ન હોવાનું એનજીસીએ જણાવ્યું છે. પ્રધાન સમક્ષ ચેમ્બર ઓફ કોમર્સ અને સુરત એરપોર્ટના વિકાસ માટે કાર્યરત ગ્રુપ દ્વારા આ મુદ્દો મુકવામાં આવ્યો હતો. ચર્ચાઓ એવી પણ હતી કે પ્રધાને ઓએનજીસીની આ મામલે સર્વે કરી એક મહિનામાં રિપોર્ટ કરવા જણાવ્યું છે.

નવસારી જિલ્લામાં મતદાર હેલ્પલાઈન કાર્યરત

નવસારી

આગામી લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૯ અન્વયે નવસારી જિલ્લામાં જિલ્લાકક્ષાએ જિલ્લા કોન્ટેકટ સેન્ટર (DCC) ને મતદાર હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવેલ છે. મતદાર હેલ્પલાઈન નંબ ૧૮૦૦-૨૩૩૨૬૨૭, ૦૨૬૩૭-૨૬૦૫૦૦ ટ્રોલ ફી નંબર મતદાર યાદી અને ચુંટણી વિષયક જાણકારી ફરિયાદ અંગે જરૂરી માહિતી આપવામાં આવશે.

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort
24 acres of sheer luxury
SILVASSA
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
✦ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
✦ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
✦ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
✦ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
✦ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
✦ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
✦ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
✦ એકસકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
✦ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
✦ શેતરંજી ✦ આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકુંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

ફરિયાદી પર જ ફરિયાદ, વાહ રે ઉદ્યોગપતિનો નવો દાવ, સાચું કોણ?



ઝગડીયા જી આઈ ડી સી ના પ્લોટ ન. ૩૮/૧૧ મા આવેલ અને NCTના કાયદેસરના મેમ્બર એવી પ્રહરિત પીગમેન્ટ નામની કંપની માંથી ગેરકાયદેસર પાઈપ જોડાણ કરી ખુલ્લામાં નિકાલ કરતા હોવાથી ગામ લોકો એ જીપીસીબી ને બોલાવી ઘટના ને રંગે હાથ ઝડપી પાડી હતી, અને આ બાબતે સંચાલકો સાથે ગામલોકો ની ઉગ્ર રજૂઆતો થઈ હતી અને તે પછી સંચાલક ને મારી નાખવાની ધમકી બાબત ની ફરિયાદ સંચાલકો તરફથી સરપંચો , ડે. સરપંચ અને અન્ય (કુલ ૬) વિરુદ્ધ થઈ છે. સરપંચો અને તલાટી તરફ થી પણ મહિલા તલાટી સાથે અસભ્ય વર્તન અને જાતી વિષયક અપશબ્દો બાબતે અરજી થઈ છે જે હાલ સુધી પોલીસ પાસે વિચારાધીન છે. જેમાં કાર્યવાહી થઈ નથી તે બાબતે ગામ લોકો માં તીવ્ર અસંતોષ અને ભેદભાવ ભર્યા વર્તન ની લાગણી જન્મી છે

હાલ પોલીસ રાજકીય દબાણ માં કામ કરી રહી હોવા નું ચર્ચાય છે. હવે જોવાનું એ કે પ્રથમ ઘટના કે જેમાં ગુનાહિત કૃત્ય દ્વારા પર્યાવરણને ગંભીર નુકશાન કરાયું છે તેમા જીપીસીબી દ્વારા શુ પગલાં લેવાય છે? અહીયા રાજકીય દબાણ ને જીપીસીબી દ્વારા અવગણી ને નિષ્પક્ષતા થી કાર્યવાહી થાય એવી પ્રજા ને અપેક્ષા છે

અત્રે યાદ આપવું જરૂરી છે કે આ ગુનાહિત કૃત્ય કરી પર્યાવરણને નુકશાન કરનારાઓએ ભૂતકાળમાં જીપીસીબીના અધિકારીને પણ કાયદાકીય આવા જ દાવપેચ પેચ ની રમત રમી હેરાન કર્યા હતા.

બાળક ઉતરે એ પહેલા ચાલકે સ્કૂલ વાન હંકારી, વિદ્યાર્થી પર ટાયર ફરી વળ્યું

સુરત

સુરતમાં સ્કૂલ વાન ચાલકની ગંભીર બેદરકારીની સામે આવી છે. બાળકને ઉતારવા માટે આવેલા સ્કૂલ ચાલકે વિદ્યાર્થી ઉતરે તે પહેલા જસ્કૂલ વાન હંકારી કાઢતા વાનના આગળ અને પાછળનું ટાયર વિદ્યાર્થી ઉપર ફરી વળ્યું હતું. જોકે, આ ઘટનામાં સ્કૂલ સંચાલક વાન ચાલકી તરફેણ કરતા નિવેદન આપી રહ્યા છે. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. આ સાથે જ વાલીઓમાં પણ રોષ ફેલાયો હતો.

મળતી માહિતી પ્રમાણે સુરતના અડાજણના સંસ્કારકુંજ વિદ્યાપીઠ દાંડી રોડ ઉપર આવેલી એક સોસાયટીમાં આજે સોમવારે નિત્યક્રમ પ્રમાણે સ્કૂલવાન વિદ્યાર્થીને મૂકવા આવી હતી આ દરમિયાન જુનિયર કેજીમાં અભઅયાસ કરતો વિદ્યાર્થી નીચે ઉતરે એ પહેલા જ વાન ચાલકે વાન હંકારી હતી. અને બાળખ નીચે પડતા વાનના આગળના અને પાછળના બંને ટાયર વિદ્યાર્થી ઉપર ફરી વળ્યા હતા. આ સમગ્ર ઘટના નજીક લાગેલા સીસીટીવમાં કેદ થઈ હતી.

વિદ્યાર્થીઓ બૂમો પાડવા છતાં પણ ચાલકે વાન ઊભી રાખી ન હતી. જોકે, બહારથી લોકો આવી ચઢતા વાન ઊભી રાખી હતી. ઘટનાને નજરે જોનારા માતાએ આક્ષેપ કર્યો છે કે, આ વાનચાલક કોઈના કોઈ રીતે ગુસ્સામાં હોય છે. તેની વર્તન સારું નથી રહેતું, ખુબ જ બેદરકારીથી વાન ચલાવે છે. અમે ઉપરથી જોઇ રહ્યા હતા કે, બાળક નીચે પડ્યું છે .

અમે બુમો પાડી છતાં પણ તેણે વાન ઊભી ન રાખી. જોકે, બહારથી લોકો આવી જતાં ચાલકે વાન ઊભી રાખી હતી. ત્યારબાદ વાન સંચાલક સાથે વાત કરતા વાન સંચાલક ખરચો આપવા માટે તૈયારી બતાવી હતી.

તો બીજી તરફ સ્કૂલ તંત્રએ પણ વાન ચાલકની તરફેણ કરતા નિવેદન આપ્યા હતા. જોકે, વાન ચાલકની આવી ગંભીર બેદરકારના કારણે વાલીઓમાં રોષ ફેલાયો હતો.

સુરત શહેરમાં વધુ ત્રણ સ્થળે ચોરી: ૩.૪૨ લાખની મતા ચોરાઈ

સુરત

શહેરમાં ચોરીના બનેલા ત્રણ બનાવમાં રૂા. ૩.૪૨ લાખની મતા ચોરાઈ હતી.

પ્રથમ બનાવમાં નાના વરાછા ભીડભંજન સોસાયટી ઘર નં. ૧૦/૧૧માંથી અજાણ્યા તસ્કરો રોકડા રૂા. ૩૦ હજાર, સોના-ચાંદીના દાગીના મળી કુલ્લે રૂા. ૧,૯૩,૦૦૦ની મતા ચોરી કરી ગયા હતા. ઘર માલિક છગનભાઈ મનજીભાઈ નવાપરાએ સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બીજા બનાવમાં મહિધરપુરા સુમુલ ડેરી રોડ સહયોગ સોસાયટી ઘર નં. ૬૦માંથી તસ્કરો રોકડા રૂા. ૧૫૦૦૦ સોના-ચાંદીના દાગીના મળી કુલ્લે રૂા. ૧.૧૪ લાખની મતા ચોરી કરી ગયા હતા. ઘર માલિક મહેશભાઈ ચેતનભાઈ પટેલે મહિધરપુરા પોલસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ત્રીજા બનાવમાં સચીન જીઆઈડીસી શિવનગર પાસે આવેલ સાંઈબાબા મંદિરના ગર્ભગૃહનો દરવાજાનું તાળુ તોડી બે અજાણ્યા ચોલર સાઉન્ડ સિસ્ટમ, માઈક્રર, દાનપેટીના રોકડા રૂા. ૧૦,૦૦૦ મળી કુલ્લે રૂા. ૩૫૦૦૦ની મળી ચોરી ગયા હતા. બનાવ અંગે અશોકકુમાર કનૈયાજી સાદસિંગ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ભરૂચ શહેર એ ડીવી.પો.સ્ટે.સર્વેલન્સ સ્ટાફે વેદેશી દારૂ, બિયર સાથે બેની અટક કરી, એક વોન્ટેડ







ભરૂચ પોલીસ રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા નાયબ પોલીસ અધિક્ષક ભરૂચ વિભાગ ભરૂચ ડી.પી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર એન.કે ગોસ્વામી.નાઓની સુચનાં મુજબ.જીલ્લામાં પ્રોહી /પ્રવુતિ નેસ્તનાબુદ કરવા સર્વેલન્સ સ્ટાફનાં પોલીસ માણસો પોસ્ટે ખાતે હાજર હતાં દરમ્યાન પોલીસ ઈન્સપેકટર એન.કે. ગોસ્વામી નાઓને બાંતમીદારથી બાતમી મળેલ આધારે દાંડીયાબજાર ખાતેથી એસ્ટીમ સીલ્વર કલરની ગાડીમા ગેકાનો વગર પાસપરમીટનો પરપ્રાંતીય અને પ્રતીબંધીત આલ્કોહોલીક ઈંગ્લીશ દારૂની બીયરની પેટી નંગ-૦૨ બીયર ટીન નંગ-૪૮ કિ.રૂ ૪૮૦૦/- તથા પકડાયેલ ઈશમને બીજો મુદ્દામાલ કોને આપેલ તે બાબતે પુછતાં સંદર મુદ્દામાલ નરેશ કિશન કહારને આપેલ જણાવેલ જેથી આરોપીને સાથે રાખી નરેશ કિશન કહારનાં ઘરે તપાસ કરતાં તેઓનાં ઘરનાં પ્રથમ રૂમમાં લાગેલ પી.ઓ.પીની છતમાંથી જુદી જુદી ઈંગ્લીશ બનાવટની દારૂની બોટલ નંગ-૨૪૨ કિ.રૂ ૧,૨૧,૦૦૦/- તથા પાઉચ નંગ-૪૨ કિ.રૂ ૪૨૦૦/- નો મળી કુલ પ્રોહી મુદામાલ કિ.રૂ ૧,૩૦,૦૦૦/- મળી આવેલ તથા આરોપીની નિસર્ગની અંગ ઝડતીમાંથી મળી આવેલ એક સીલ્વર કલરનો વીવો કંપનીનો મોબાઈલ ફોન નંગ.કિ ૦૧-૨ ૩૦૦૦/- તથા એસ્ટીમ ગાડી ની કિ.રૂ.૧૦૦૦૦૦/- મળી કુલ કિ.રૂ ૨,૩૩,૦૦૦/- સાથે મળી આવેલ હોય તથા દારૂ ભરાવી આપનાર જયેશભાઈ ખોડાભાઈ ડોબરીયા તેઓ ત્રણેવ વિરૂધ્ધ પ્રોહી એક્ટ કલમ(ઈ) (એ)૬૫-,૯૮,(૨)૮૧ મુજબ કાયદેસરની ફરીયાદ દાખલ થયેલ છે.

આરોપી- (૧) નિસર્ગ ઉર્ફે બીદુ મહેશભાઈ કાયસ્થ રહે- હાજીખાનાબજાર જગાશેઠનો ટેકરો ભરૂચ (૨) નરેશભાઈ કિશનભાઈ કહાર રહે- દાંદીયાબજાર લોઢવાડનો ટેકરો ભરૂચ

વોન્ટેડ- (૩) જયેશભાઈ ખોડાભાઈ ડોબરીયા











